RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 263 Dt. 19-04-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# વિપક્ષો ભ્રુણહત્યાના ગુનેગાર : મોદી

## વિપક્ષ પર વડાપ્રધાનના તીખા પ્રહાર : મહિલાઓના સ્વપનને કચડી નાખ્યા, નારી શક્તિના અપરાધી ગણાવ્યા : બીલ પાસ ન થવા બદલ દેશની બહેનો-માતાની માફી માંગી



નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મહિલા અનામત પર દેશને ૩૦ મિનિટ સંબોધિત કર્યો. તેમણે કહ્યું, 'આ બિલમાં સુધારો થઈ શક્યો નથી. હું તમામ માતાઓ-બહેનોની માફી માંગુ છું.'તેમણે કહ્યું, 'મારા માટે દેશહિત સર્વોપરી છે, જ્યારે કેટલાક લોકો માટે પક્ષનું હિત સર્વસ્વ બની જાય છે, પક્ષનું હિત દેશના હિત કરતાં મોટું થઈ જાય છે. ત્યારે નારી શક્તિને જ તેનો ભોગ બનવું પડે છે.'વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસ, ટીએમસી, ડીએમકે જેવા વિરોધ પક્ષો આ ભ્રૂણહત્યાના ગુનેગાર છે. તેઓ દેશના બંધારણના અપરાધી છે. નારી શક્તિના અપરાધી છે. જે લોકોએ અડધી વસતીનો અધિકાર છીનવી લીધો, તેમને આ પાપની સજા મળશે.

તેઓએ 'આજે ભારતનો દરેક નાગરિક જોઈ રહ્યો છે કે કેવી રીતે ભારતની નારી શક્તિની ઉડાનને રોકી દેવામાં આવી. તેમના સપનાઓને નિર્દયતાથી કચડી નાખવામાં આવ્યા.' 'કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી અને સમાજવાદી પાર્ટી જેવા પક્ષોની સ્વાર્થી રાજનીતિનું નુકસાન દેશની નારી શક્તિએ ઉઠાવવું પડ્યું છે. કાલે દેશની કરોડો મહિલાઓની નજર સંસદ પર હતી. દેશની નારી શક્તિ જોઈ રહી હતી. મને પણ એ જોઈને ખૂબ દુઃખ થયું કે જ્યારે આ નારી હિતનો પ્રસ્તાવ પડતો મુકાયો ત્યારે કોંગ્રેસ, ડીએમકે, ટીએમસી, સપા જેવી પરિવારવાદી પાર્ટીઓ ખુશીથી તાળીઓ વગાડી રહી હતી. મહિલાઓ પાસેથી તેમના અધિકારો છીનવીને આ લોકો મેજ થપથપાવી રહ્યા હતા.'

'ગઈકાલે વિપક્ષે જે કંઈ પણ કર્યું તે માત્ર ટેબલ પર થાપ નહોતી. તે નારીના સ્વાભિમાન પર, તેના આત્મસન્માન પર હુમલો હતો. અને નારી બધું ભૂલી જાય છે, પોતાનું અપમાન ક્યારેય ભૂલતી નથી. તેથી સંસદમાં કોંગ્રેસ અને તેના સહયોગીઓનું વર્તન દરેક નારીના મનમાં હંમેશા રહેશે. દેશની નારી જ્યારે પણ પોતાના ક્ષેત્રમાં આ નેતાઓને જોશે ત્યારે તે યાદ કરશે કે આ જ લોકોએ સંસદમાં મહિલા અનામતને રોકવાનો જશ્ન મનાવ્યો હતો, ખુશીઓ મનાવી હતી.' 'ગઈકાલે નારી શક્તિ વંદન વિધેયકનો જે લોકોએ વિરોધ કર્યો છે, તેમને હું સ્પષ્ટ શબ્દોમાં કહીશ કે આ લોકો નારી શક્તિને 'ફોર ગ્રાન્ટેડ' લઈ રહ્યા છે. તેઓ એ ભૂલી રહ્યા છે કે ૨૧મી સદીની નારી દેશની દરેક ઘટના પર નજર રાખી રહી છે. તે તેમનો ઈરાદો પારખી રહી છે અને સત્ય પણ સારી રીતે જાણી ચૂકી છે. મહિલા અનામત બિલનો વિરોધ કરીને વિપક્ષે જે પાપ કર્યું છે, તેની સજા તેમને ચોક્કસ મળશે. આ પક્ષોએ બંધારણના નિર્માતાની ભાવનાઓનું પણ અપમાન કર્યું છે. અને જનતા દ્વારા મળનારી આની સજાથી પણ તેઓ બચી શકશે નહીં.'

'આ મહિલાઓ દેશની સેવા કરવા માંગે છે. પરંતુ પરિવારવાદીઓની અંદર તેમના પ્રત્યે અસુરક્ષાની ભાવના બેઠેલી છે. સીમાંકન (પરિસીમન) પછી મહિલાઓનું કદ વધત એટલે તેમણે બિલનો વિરોધ કર્યો. દેશની નારી શક્તિ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને આ પાપ માટે માફ નહીં કરે. કોંગ્રેસ, સપા, ડીએમકે અને ટીએમસી દર વખતે એ જ બહાના, એ જ કુતર્ક રચતા આવ્યા છે. કોઈને કોઈ ટેકનિકલ ગૂંચવણ ઊભી કરીને તેઓ મહિલાઓના અધિકારો પર તરાપ મારતા રહ્યા છે. દેશ રાજકારણની આ ગંદી પેટર્નને બરાબર સમજી ચૂક્યો છે.

તેઓએ કહ્યું- કોંગ્રેસે કલમ ૩૭૦ હટાવવાનો વિરોધ કર્યો. UCCને જરૂરી ગણાવીને તેનો પણ વિરોધ કરે છે. સુધારાનું નામ સાંભળીને કોંગ્રેસ વિરોધની તકતી લઈને દોડી પડે છે. કોંગ્રેસ 'વન નેશન-વન ઈલેક્શન', દેશમાં જંઈછ્નો વિરોધ કરે છે. તેમણે શરણાર્થીઓને સુરક્ષા આપતા ઈઅઅ કાયદાનો વિરોધ કર્યો. મોદીએ કહ્યું- કોંગ્રેસની એક જ પેટર્ન રહી છે. કોઈ પણ સુધારો આવે તો ખોટું બોલો-ભ્રમ ફેલાવો. જે પણ કામ દેશ માટે જરૂરી હોય છે કોંગ્રેસ તેને કાર્પેટ નીચે દબાવી દે છે. તેમના આ જ કારણોસર ભારત વિકાસની તે ઊંચાઈ પર પહોંચી શક્યું નથી, જેનો તે હકદાર છે. અમારી સાથે ઘણા દેશો આઝાદ થયા. ઘણા દેશો અમારાથી આગળ નીકળી ગયા, કોંગ્રેસ ઘણા સુધારાઓને રોકીને બેસી રહી. તેમની આ જ કાર્ય સંસ્કૃતિ છે. કોંગ્રેસે પડોશી દેશો સાથે પાણીની વહેંચણી, સરહદ વિવાદને લટકાવી રાખ્યો. કોંગ્રેસના આ વલણે દેશને નુકસાન પહોંચાડ્યું છે. કોંગ્રેસના દરેક કપટનો ભોગ દેશ બન્યો છે. જો બિલ પાસ થયું હોત તો બંગાળ, યુપી સહિત તમામ રાજ્યોની બેઠકો વધતવડાપ્રધાને કહ્યું- આ બિલ તમામ પક્ષો અને રાજ્યો માટે એક તક હતી. એક અવસર હતો કે જો આ બિલ પાસ થયું હોત તો બંગાળ, યુપી, કેરળ સહિત તમામ રાજ્યોની બેઠકો વધત. આ લોકોએ પોતાના રાજ્યોને દગો આપ્યો. ડીએમકે પાસે વધુ લોકોને સાંસદ-ધારાસભ્ય બનાવવાની તક હતી પરંતુ તેણે તે તક ગુમાવી દીધી.

મોદીએ કહ્યું- ટીએમસી પાસે પણ બંગાળના લોકોને આગળ વધારવાની તક હતી પરંતુ તેણે ગુમાવી દીધી. સપા પણ મહિલા વિરોધી હોવાની છબીના ડાઘને ઘટાડવાની તક ચૂકી ગઈ. સપાએ બિલનો વિરોધ કરીને લોહિયાજીના સપનાને પગ નીચે કચડી નાખ્યા. કોંગ્રેસે ફરી એક વાત સાબિત કરી દીધી કે કોંગ્રેસ એક એન્ટી રિફોર્મ પાર્ટી છે. કોંગ્રેસ ૨૧મી સદીના ભારતના નિર્માણ માટેના તમામ નિર્ણયોને નકારી કાઢે છે. આ જ કોંગ્રેસનો ઈતિહાસ છે. આ તેમની નકારાત્મક રાજનીતિ છે.

તેઓએ એવું પણ કહ્યું હતું કે કોંગ્રેસે જૂઠ્ઠાણું ફેલાવ્યું કે સીમાંકનથી કેટલાક રાજ્યોને નુકસાન થશે. આ મહિલાઓ દેશની સેવા કરવા માંગે છે પરંતુ પરિવારવાદીઓના મનમાં અસુરક્ષાની ભાવના બેઠી છે. સીમાંકન પછી મહિલાઓનું કદ વધતું હોવાથી તેમણે બિલનો વિરોધ કર્યો. દેશની નારી શક્તિ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને આ પાપ માટે માફ નહીં કરે. - કોંગ્રેસ અને તેના સાથી પક્ષો સીમાંકન પર સતત જુઠ્ઠાણું બોલી રહ્યા છે. તેઓ આ બહાને વિભાજનની આગને ભડકાવવા માંગે છે. આ 'ભાગલા પાડો અને રાજ કરો'ની રાજનીતિ અંગ્રેજો પાસેથી વારસામાં મળી છે.કોંગ્રેસે હંમેશા દેશમાં તિરાડ પાડનારી ભાવનાઓને હવા આપી છે. સીમાંકન પર જુઠ્ઠાણું ફેલાવ્યું કે કેટલાક રાજ્યોને નુકસાન થશે. અમે સ્પષ્ટ કર્યું કે કોઈ પણ રાજ્યનું પ્રતિનિધિત્વ ઓછું નહીં થાય. તેમ છતાં કોંગ્રેસ, **DMK, TMC** જેવા પક્ષો માનવા તૈયાર ન થયા. **PM**એ કહ્યું- કોંગ્રેસ પરોપજીવીની જેમ અન્ય પક્ષોના સહારે જીવંત છે

ઙ્ખએ કહ્યું- કોંગ્રેસ પોતે જ ઘણા રાજ્યોમાં પોતાનું અસ્તિત્વ ગુમાવી ચૂકી છે. તે પરોપજીવીની જેમ અન્ય પક્ષોના સહારે જીવંત છે. તેઓ એ પણ નથી ઈચ્છતા કે પ્રાદેશિક પક્ષોની તાકાત વધે. આ બિલને રોકીને તેમણે રાજકીય ષડયંત્ર કર્યું છે. બધા વિપક્ષ આટલા વર્ષોથી દર વખતે એ જ બહાના બનાવતા આવ્યા છે. મોદીએ કહ્યું- દેશ તેમની પેટર્ન સમજી ચૂક્યો છે. આ બિલના વિરોધનું મોટું કારણ છે કે આ પરિવારવાદી પક્ષોનો ડર. તેમને ડર છે કે મહિલા સશક્ત થઈ તો તેમની પાર્ટી ખતરામાં આવી જશે. તેઓ નહીં ઈચ્છે કે તેમના પરિવારની બહારની મહિલાઓ આગળ વધે.

### કોંગ્રેસ સહિતના વિપક્ષોનો નકાબ ચિરાયો

વડાપ્રધાને કહ્યું હતું કે કોંગ્રેસ સહિતના વિપક્ષોએ પોતાનો મુખોટો ઉતારી દીધો છે આ ભ્રૂણહત્યા માટે આખો વિપક્ષ ગુનેગાર છે. તેઓ દેશના બંધારણના અપરાધી છે. નારી શક્તિના અપરાધી છે. કોંગ્રેસ મહિલા આરક્ષણથી જ નફરત કરે છે. તેમણે હંમેશા તેને રોક્યું છે. આ વખતે પણ કોંગ્રેસ અને સાથી પક્ષોએ મહિલા આરક્ષણને રોકવા માટે એક પછી એક નવા જૂઠાણાનો સહારો લીધો છે. ક્યારેક નંબરોને લઈને તો ક્યારેક કોઈ અન્ય રીતે, કોંગ્રેસ અને તેના સાથીઓએ દેશને ગેરમાર્ગે દોર્યો. આ પક્ષોએ ભારતની નારી સામે પોતાનો અસલી ચહેરો સામે લાવી દીધો છે. પોતાનો મુખોટો ઉતારી દીધો છે. મને વ્યક્તિગત રીતે આશા હતી કે કોંગ્રેસ દાયકાઓ જૂની ભૂલ સુધારશે પરંતુ કોંગ્રેસે મહિલાઓના પક્ષમાં ઊભા રહેવાની તક ગુમાવી દીધી.

### સરકારની નિયત નથી સાફ : પ્રિયંકા

કોંગ્રેસ પાર્ટીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રજોગ સંબોધનની આકરી ટીકા કરી છે. પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે તેને પક્ષપાતી અને વિવાદાસ્પદ નહીં પણ પક્ષપાતી સંબોધન ગણાવ્યું હતું અને કહ્યું હતું કે તે રાષ્ટ્રને સંદેશ આપવા કરતાં વધુ દુઃખદ સંબોધન હતું. લોકસભામાં બંધારણ સુધારા બિલના પરાજય બાદ, કોંગ્રેસ પાર્ટીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રજોગ સંબોધન પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે. જયરામ રમેશે સોશિયલ મીડિયા પર એક નિવેદન બહાર પાડીને વડા પ્રધાન પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે. જયરામ રમેશે કહ્યું કે વડા પ્રધાનનું રાષ્ટ્રજોગ સંબોધન એક ગૌરવપૂર્ણ અને સર્વપક્ષીય સંદેશ હોવો જોઈએ, જેનો હેતુ દેશમાં વિશ્વાસ અને એકતા બનાવવાનો છે. જોકે, આ વખતે તે સંપૂર્ણપણે રાજકીય હુમલો બની ગયો. તેમણે કટાક્ષમાં કહ્યું કે આ સંબોધન પ્રેસ કોન્ફરન્સમાં આપવું જોઈતું હતું, પરંતુ વડા પ્રધાન મીડિયાનો સામનો કરવાનું ટાળે છે. કોંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો કે બંધારણ સુધારા બિલ પસાર કરવામાં નિષ્ફળતા બદલ માફી માંગવાને બદલે, વડા પ્રધાને મહિલાઓના નામે રાજ્યનું સીમાંકન કરવાના કથિત કાવતરા માટે માફી માંગવી જોઈતી હતી. તેમણે કહ્યું કે સરકારના ઈરાદા સ્પષ્ટ નથી. નારી શક્તિ વંદન કાયદાનો ઉલ્લેખ કરતા, જયરામ રમેશે પ્રશ્ન કર્યો કે સપ્ટેમ્બર ૨૦૨૩માં સર્વાનુમતે પસાર થયેલા આ કાયદાને ૩૦ મહિના પછી એપ્રિલ ૨૦૨૬માં શા માટે સૂચિત કરવામાં આવ્યો. તેમણે વડા પ્રધાન પર મહિલા ગૌરવની વાતમાં બેવડી વર્તણૂકનો આરોપ લગાવ્યો.

### ૨૦૨૯ની લોકસભા ચૂંટણીથી હક આપવાનો હતો સુધારો

આ કાયદો ૪૦ વર્ષથી અટકેલા મહિલાના હકને ૨૦૨૯ની આગામી લોકસભા ચૂંટણીથી તેનો હક આપવા માટેનો સુધારો હતો. આ બિલ નવી તકો, નવી ઉડાન આપવા, તેની સામેથી અવરોધો દૂર કરવાનો મહાયજ્ઞ હતો. દેશની ૫૦% એટલે કે અડધી વસતીને અધિકાર આપવાનો પ્રામાણિક પ્રયાસ હતો. આ બિલ સમયની માંગ છે. આ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, બધા રાજ્યોની મહિલા શક્તિમાં સમાન વધારો કરવાનો પ્રયાસ હતો. રાજ્યની વસતી ગમે તેવી હોય, બધાની સમાન પ્રમાણમાં શક્તિ વધારવાનો પ્રયાસ હતો. આ પ્રામાણિક પ્રયાસની કોંગ્રેસ અને તેના સહયોગીઓએ ગૃહમાં આખા દેશ સામે ભ્રૂણહત્યા કરી દીધી છે.

### વિપક્ષને પાપની સજા ચોક્કસ મળશે

વડાપ્રધાને જણાવ્યું હતું કે, જે પક્ષોએ બિલનો વિરોધ કર્યો, તેમને હું સ્પષ્ટપણે કહીશ કે આ લોકો મહિલા શક્તિને હળવાશથી લઈ રહ્યા છે. તેઓ ભૂલી રહ્યા છે કે ૨૧મી સદીની મહિલા બધા પર નજર રાખી રહી છે. તે તેમની મંશા જોઈ રહી છે. વડાપ્રધાને કહ્યું- મહિલા અનામતને રોકીને વિપક્ષે જે પાપ કર્યું છે, તેની તેમને સજા ચોક્કસ મળશે. આ પક્ષોએ બંધારણ નિર્માતાઓની ભાવનાઓનું અપમાન કર્યું છે. જનતાની સજાથી તેઓ બચી શકશે નહીં. ગૃહમાં આ કાયદો કોઈ પાસેથી કંઈ છીનવી રહ્યો ન હતો. કંઈક ને કંઈક આપવાનો હતો.

### સ્વાર્થી રાજનીતિનું નુકસાન દેશની મહિલાને ભોગવવું પડ્યું

વડાપ્રધાને જણાવ્યું હતું કે, કોંગ્રેસ, **DMK**, સપા જેવા પક્ષોની સ્વાર્થી રાજનીતિનું નુકસાન દેશની મહિલાને ભોગવવું પડ્યું. દેશની કરોડો મહિલાની નજર સંસદમાં હતી. દેશની મહિલા જોઈ રહી હતી. મને પણ જોઈને દુઃખ થયું કે મહિલા હિતનો પ્રસ્તાવ નામંજૂર થયો. ત્યારે કોંગ્રેસ, **DMK, TMC**, સપા જેવી પરિવારવાદી પાર્ટીઓ ખુશીથી તાળીઓ પાડી રહી હતી.

# સોનિયા ગાંધી મતદાર યાદી વિવાદ વકર્યો



કોર્ટે લેખિત દલીલો રજૂ કરવાનો આપ્યો નિર્દેશ

નવીદિલ્હી, તા. ૧૯

શનિવારે, રાઉઝ એવન્યુ કોર્ટે સોનિયા ગાંધી વિરુદ્ધ દાખલ કરાયેલી સુધારા અરજી પર સુનાવણી કરી, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે ભારતીય નાગરિકતા મેળવ્યા વિના તેમનું નામ મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. ફરિયાદી પક્ષે તેમની બધી દલીલો પૂર્ણ કરી લીધી હતી. કોર્ટે બંને પક્ષોને એક અઠવાડિયામાં તેમની લેખિત દલીલો રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. સોનિયા ગાંધીનું પ્રતિનિધિત્વ કરતા વકીલે આગામી સુનાવણીમાં વધારાની દલીલો રજૂ કરવાની પરવાનગી માંગી હતી. આ બાબત પર વિચાર કર્યા પછી, કોર્ટે આગામી સુનાવણી ૧૬ મે માટે નક્કી કરી હતી. ફરિયાદીનું પ્રતિનિધિત્વ કરતા વકીલ વિકાસ ત્રિપાઠીએ ચૂંટણી પંચ પાસેથી મળેલા દસ્તાવેજોને કોર્ટના રેકોર્ડ પર મૂકવાની પરવાનગી માંગી હતી, જે કોર્ટે તાત્કાલિક મંજૂર કરી હતી. ફરિયાદીએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ હાલમાં સુનાવણીની માંગ કરી રહ્યા નથી; તેઓ ફક્ત પોલીસ તપાસની માંગ કરી રહ્યા છે.

પાછલી સુનાવણીમાં સોનિયા ગાંધી દ્વારા દાખલ કરાયેલા જવાબમાં, અરજીને પાયાવિહોણી, રાજકીય રીતે પ્રેરિત અને કાનૂની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાવવામાં આવી હતી. એડવોકેટ વિકાસ ત્રિપાઠી એ છે જેમણે સુધારો અરજી દાખલ કરી હતી. સપ્ટેમ્બરની શરૂઆતમાં, મેજિસ્ટ્રેટ કોર્ટે અરજી ફગાવી દીધી હતી, જેમાં સોનિયા ગાંધી વિરુદ્ધ કેસ અને પોલીસ તપાસની માંગ કરવામાં આવી હતી.

ફરિયાદીએ જણાવ્યું હતું કે સોનિયા ગાંધીનું પ્રતિનિધિત્વ કરતા વકીલ તેમના કોઈપણ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં નિષ્ફળ રહ્યા હતા. ૧૯૮૦ની મતદાર યાદીમાં તેમનું નામ ઉમેરવામાં આવ્યું ત્યારે, તેમણે હજુ સુધી ભારતીય નાગરિકતા મેળવી ન હતી. શક્ય છે કે તેમનું નામ બનાવટી અથવા છેતરપિંડીથી મેળવેલા દસ્તાવેજોના આધારે સામેલ કરવામાં આવ્યું હોય. ખોટી માહિતી આપવી પણ કાયદા હેઠળ ગુનો છે. તેથી, આ મામલો તપાસને પાત્ર છે, અને કોર્ટે પોલીસ તપાસનો આદેશ આપવો જોઈએ.

# સ્થિરતા એ નબળાઈની નિશાની નથી : CJI

## 'AI ના યુગમાં ન્યાયતંત્રની પુનઃકલ્પના' પર CJI સૂર્યકાંતે કહ્યું, ન્યાયિક પ્રણાલીમાં આત્મનિરીક્ષણ અને પરિવર્તનની જરૂરિયાત



નવીદિલ્હી, તા. ૧૯

કર્ણાટકમાં ન્યાયિક અધિકારીઓના ૨૨મા દ્વિવાર્ષિક રાજ્ય-સ્તરીય પરિષદમાં કૃત્રિમ બુદ્ધિના યુગમાં ન્યાયતંત્રની પુનઃકલ્પના વિષય પર સઘન ચર્ચા-વિચારણા જોવા મળી. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે તેમનું ઉદ્ઘાટન ભાષણ આપ્યું, જેમાં ન્યાયિક પ્રણાલીમાં આત્મનિરીક્ષણ અને પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂક્યો. કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે દેશની સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ સુધારવાની તાત્કાલિક જરૂર છે. દક્ષિણ ભારતમાં સુપ્રીમ કોર્ટની બેન્ચની સ્થાપના ન્યાય સુનિશ્ચિત કરવામાં નોંધપાત્ર યોગદાન આપશે.

**CJI** સૂર્યકાંતે કહ્યું કે કોઈપણ સંસ્થાના જીવનમાં એવા મહત્વપૂર્ણ ક્ષણો આવે છે જ્યારે તેણે થોભો અને પોતાનું મૂલ્યાંકન કરવું જોઈએ. આ થોભો નબળાઈની નિશાની નથી, પરંતુ જવાબદારીની નિશાની છે. આજે, ન્યાયતંત્ર એક સંક્રમણકાળમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં માત્ર કાયદાકીય સુધારાઓ અથવા સૈદ્ધાંતિક વિકાસ જ નહીં, પરંતુ ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિ **(AI)** અને બદલાતી સામાજિક અપેક્ષાઓ પણ ન્યાય વહીવટ પર ઊંડી અસર કરી રહી છે. **CJI** સૂર્યકાંતે કહ્યું, ''હું એમ પણ કહેવા માંગુ છું કે તમારે કૃત્રિમ બુદ્ધિથી ડરવું જોઈએ નહીં.'' જ્યારે તમને ખૂબ જ જટિલ તથ્યો અને કાયદાના જટિલ પ્રશ્નો સાથે સંકળાયેલા કેસનો સામનો કરવો પડે છે ત્યારે તમે શું કરો છો? આવા કેસોમાં નિર્ણય લેવા માટે વધુ વિચાર, ધીરજ અને અંતે સંતોષની ભાવનાની જરૂર પડે છે.

ન્યાયતંત્ર સામેના પડકારો પરંપરાગત સીમાઓ પાર કરે છે. ડિજિટલ યુગમાં ન્યાયિક પ્રક્રિયાઓને વધુ પારદર્શક, સુલભ અને અસરકારક બનાવવી એ સમયની માંગ છે. **AI** જેવી અદ્યતન તકનીકોનો ઉપયોગ ન્યાયિક કામગીરીને ઝડપી બનાવી શકે છે, પરંતુ તેના માટે નૈતિકતા, ગુપ્તતા અને નિષ્પક્ષતા જેવા મુદ્દાઓ પર ગંભીર વિચારણા કરવાની પણ જરૂર છે. જ્યારે આ પરિષદ કર્ણાટકમાં ન્યાયિક અધિકારીઓ માટે આયોજિત કરવામાં આવી હતી, ત્યારે ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ અને શક્યતાઓ દેશભરની ન્યાયિક પ્રણાલી માટે સમાન રીતે સુસંગત છે.

# પરશુરામ જન્મોત્સવ: ભવ્ય શોભાયાત્રાનું આયોજન

## ભગવાન પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા બપોરે ચાર વાગ્યે પંચનાથ મંદિરથી પ્રારંભ: સાંજે પરશુરામધામ ખાતે મહાઆરતી અને મહાપ્રસાદ

રાજકોટ , તા. ૧૮

ભગવાન પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા આવતીકાલે અક્ષય તૃતીયા સાથે ભગવાન પરશુરામજીના જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે. આવતીકાલે સાંજે ૪ વાગ્યે પંચનાથ મહાદેવ મંદિર ખાતેથી ભગવાન પરશુરામજીના વિશાળ ફ્લોટ સાથે શોભાયાત્રા નીકળશે જે વિવિધ માર્ગો પરથી પસાર થઈ પરશુરામધામ ખાતે વિરામ લેશે. ત્યારબાદ મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે.

ભગવાન પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા દર વર્ષની જેમ, આ વર્ષે પણ અજર અમર ભગવાન પરશુરામજીના જન્મોત્સવના અવસરે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા આવતીકાલ તારીખ ૧૯ એપ્રિલે સાંજે નીકળશે.

જેમા હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે.આ શોભા યાત્રાનો પ્રારંભ સાંજે ચાર વાગ્યે પંચનાથ મહાદેવ મંદિરથી થશે.અને લિમડા ચોક, ત્રિકોણ બાગ, યાજ્ઞિક રોડ, રેસ કોર્સ, રૈયા રોડ, રૈયા ચોક, આલાપ ગ્રીન સિટી અને રૈયા ગામથી



પસાર થઈ પરશુરામધામ સુધી પહોંચશે. આ ભવ્ય શોભાયાત્રામાં ધાર્મિક આસ્થા સાથેસંસ્કૃતિ અને પરંપરાની અનોખી ઝલક જોવા મળશેયાત્રાનું મુખ્ય આકર્ષણ રહેશે.

ભગવાન પરશુરામજીનો ભવ્ય રથ રહેશે. જે શ્રદ્ધાળુઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશેમ તે ઉપરાંત, વિવિધ મંડળો દ્વારા બ્રાહ્મણ સમાજ માટે બલિદાન આપનાર મહાન વ્યક્તિઓના ચિત્રો અને વેદ-પુરાણોની ઝલક રજૂ કરવામાં આવશે, યાત્રા દરમિયાન ફરસી રાસ અને પરંપરાગત રજૂઆતો પણ જોવા મળશે, અને ડીજેના તાલ પર ભૂદેવો, બહેનો અને માતાઓ ભક્તિમાં લીન બનશે. આ શોભાયાત્રાનો સમાપન પરશુરામ ધામ ખાતે થશે, જ્યાં મહા આરતી અને ત્યારબાદ તમામ શ્રદ્ધાળુઓ માટે પ્રસાદનું વિતરણ કરવામાં આવશે.

પરશુરામ જન્મોત્સવ અંતર્ગત સૌરાષ્ટ કચ્છ બ્રહ્મ સમાજ અગ્રણી અને ભાજપ આગેવાન જીતુ મહેતાના નિવાસ સ્થાને સવારે ૧૧ કલાકે પરશુરામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે આ ઉજવણીમાં પ્રદેશ ભાજપના મહામંત્રી અને રાજકોટ શહેર ભાજપ ના પ્રભારી અનિરુદ્ધભાઈ દવે ખાસ ઉપસ્થિત રહી પરશુરામ જન્મોત્સવની સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજના ભૂદેવોને શુભેચ્છા પાઠવશે.

આ અંતર્ગત વિશેષ માહિતી આપતા મીડિયા ઈનચાર્જ હરેશભાઈ જોષી એ જણાવ્યું હતું કે રામનાથપરા સ્થિત ગાયત્રી મંદિર ખાતે સૌરાષ્ટ કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના માર્ગદર્શક અને ભાજપના પીઢ અગ્રણી જીતુભાઈ મહેતાના નિવાસસ્થાને પરશુરામજી નું પૂજન અર્ચનનો કાર્યક્રમ યોજવામાં આવે છે તે અંતર્ગત સવારે ૧૧ કલાકે તેમના નિવાસસ્થાને ભગવાન પરશુરામજીનું ષોડશોપચાર મહાપૂજનનો કાર્યક્રમ યોજાશે.

## બાળકોના મગજના સર્વાંગી વિકાસ માટે સમુદાયને સશક્ત બનાવવાનો સરકારનો ઉદેશ

# મગજના વિકાસની થીમ સાથે ૨૩મી સુધી ઉજવાશે ૮મું પોષણ પખવાડિયું




ગાંધીનગર, તા.૧૮

કેન્દ્ર સરકારના 'પોષણ અભિયાન'ને જન આંદોલન બનાવી કુપોષણ મુક્ત રાષ્ટ્રના સંકલ્પને સાકાર કરવા ગુજરાત વધુ સજ્જ બન્યું છે. મહિલા અને બાળ વિકાસ વિભાગના ઉપક્રમે વિવિધ વિભાગોના સહયોગથી તા. ૯ થી ૨૩ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન ૮મા પોષણ પખવાડિયાની દર વર્ષની જેમ ઉજવણી કરવામાં આવી રહી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોના મગજના સર્વાંગી વિકાસ માટે સમુદાયને સશક્ત બનાવવાનો છે.

કેન્દ્ર સરકાર દ્વારા આ વર્ષના પોષણ પખવાડિયાની થીમ ''જીવનના પ્રથમ છ વર્ષમાં મગજના વિકાસને મહત્તમ બનાવવાનો'' નક્કી કરવામાં આવી છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોઈએ તો મગજનો ૮૫ ટકાથી વધુ વિકાસ બાળકની ૬ વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે. જે આવશ્યક પોષણ, સંવેદનશીલ સાર- સંભાળ અને પ્રારંભિક શિક્ષાના મહત્વને ચિહ્નિત કરે છે. ખાસ કરીને પ્રથમ ૧૦૦૦ દિવસ બાળકની શારીરિક અને માનસિક સુખાકારી માટે સુવર્ણ તક સમાન છે, તેથી આ પખવાડિયા દરમિયાન 'સ્વાસ્થ્ય માટે પોષણ' થી એક ડગલું આગળ વધીને 'મગજના શ્રેષ્ઠ વિકાસ માટે પોષણ' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

પોષણના લક્ષ્યાંકો હાંસલ કરવા પાંચ મુખ્ય સ્તંભો પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં માતા અને બાળકનું પોષણ, ૩ વર્ષ સુધીના બાળકોના મગજના વિકાસ માટે પ્રારંભિક ઉત્તેજન, ૩ થી ૬ વર્ષ સુધીના બાળકો માટે રમત-આધારિત શિક્ષણ, સ્વસ્થ જીવનશૈલી- બાળકોમાં વધતા મોબાઈલ-ટીવી 'સ્ક્રીન ટાઈમ' ને ઘટાડી સક્રિય જીવનશૈલી તેમજ સક્ષમ આંગણવાડીઓનો સમાવેશ થાય છે.

ઉપરાંત , આ સમગ્ર પખવાડિયા દરમિયાન આંગણવાડીઓ દ્વારા રાજ્યવ્યાપી પ્રવૃત્તિઓ થકી ગુજરાતના ખૂણેખૂણે વિવિધ વિભાગો, આંગણવાડી કાર્યકરો, માતાઓ, પરિવારો અને સ્થાનિક અગ્રણીઓ આ ઝુંબેશમાં જોડાઈ રહ્યા છે. સોશિયલ મીડિયા અભિયાન, ક્વિઝ, પોસ્ટર મેકિંગ અને પોષણ પંચાયતો દ્વારા આ સંદેશને ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. આ પોષણ પખવાડિયું એ માત્ર એક કાર્યક્રમ નથી. પરંતુ ગુજરાતના ઉજ્જ્વળ અને તંદુરસ્ત ભવિષ્યના નિર્માણ માટેનું મક્કમ પગલું છે.

# એક પણ ગામમાં કોંગ્રેસનો પંજો ન પહોંચવો જોઈએ : સંઘવી

## માં શબરીના સોગંદ ખાવા નાયબ મુખ્યમંત્રીનું ડાંગના લોકેને હાકલ



ડાંગ આહવા: સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પ્રચાર અર્થે ડાંગના આહવા ખાતે આયોજિત ભવ્ય 'વિકાસ સંકલ્પ સભા'ને સંબોધતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ડાંગના રાજવી પરિવારને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ એ ભૂમિ છે જ્યાં અંગ્રેજો પણ ક્યારેય રાજ કરી શક્યા નથી.

ડાંગ હંમેશા ધર્માંતરણ અને કુરિવાજો સામે લડતું આવ્યું છે. તેમણે કોંગ્રેસ પર આક્ષેપ કરતા કહ્યું કે, કોંગ્રેસે હંમેશા આદિવાસીઓના ફાળાને ભુલાવવાનું ષડયંત્ર રચ્યું છે, પરંતુ હવે આદિવાસી ભાઈઓએ કોંગ્રેસને ઉખાડી ફેંકી છે. ડાંગને પ્રથમ પ્રાકૃતિક જિલ્લો બનવા બદલ ગૌરવ વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે, ભાજપ સરકારે ગામે-ગામ પાકા રસ્તા અને ઘર સુધી પાણી પહોંચાડવાનું કાર્ય કર્યું છે, તેમજ આદિવાસી બાળકોને સ્થાનિક સ્તરે જ ઉત્તમ શિક્ષણ મળે તે માટે લાયબ્રેરી અને કોલેજોની સુવિધા ઊભી કરી છે.

ખેડૂતોના હિતની વાત કરતા હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, જે કામ કોંગ્રેસે ૭૦ વર્ષમાં નથી કર્યું તે ભાજપે કરી બતાવ્યું છે; કોંગ્રેસના શાસનમાં ખેડૂતોને એક હજાર પણ નહોતા મળતા, જ્યારે આજે ભાજપ સરકાર વર્ષે ૬ હજાર રૂપિયા સીધા ખેડૂતોના ખાતામાં જમા કરે છે. તેમણે મતદારોને આહવાન કર્યું હતું કે જ્યારે કોંગ્રેસીઓ મત માંગવા આવે ત્યારે તેમની પાસે ૭૦ વર્ષનો હિસાબ માંગજો. તેમણે આકરા શબ્દોમાં કહ્યું કે કોંગ્રેસ આદિવાસીઓના નામે રાજનીતિ કરી પોતાના મહેલો બનાવે છે, તેમને હવે સીધા કરવાનો સમય પાકી ગયો છે.

અંતમાં તેમણે ઉપસ્થિત જનમેદનીને અપીલ કરી હતી કે, ''મા શબરીની સોગંધ ખાવ કે ડાંગના એક પણ ગામ સુધી કોંગ્રેસનો પંજો પહોંચી ન શકે'' અને ખેડૂતોનો હક જળવાય તે માટે ભાજપને વિજયી બનાવવા હાકલ કરી હતી.

# દુર્ઘટનાથી મોતના કેસમાં વીજ કંપની જવાબદાર :HC

**વીજ કંપની વળતર ચૂકવવાની પોતાની નૈતિક અને કાયદાકીય જવાબદારીમાંથી મુક્ત થઈ શકતી નથી.**



અમદાવાદ, તા.૧૮

ગુજરાત હાઈકોર્ટે વીજ કરંટના કારણે થતા મોતના કિસ્સામાં એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, વીજળી જેવી જોખમી સેવા પૂરી પાડતી કંપનીઓનીએ જવાબદારી છે કે તેઓ નાગરિકોની સુરક્ષાનું ધ્યાન રાખે. જો કોઈ દુર્ઘટના સર્જાય, તો વીજ કંપની વળતર ચૂકવવાની પોતાની નૈતિક અને કાયદાકીય જવાબદારીમાંથી મુક્ત થઈ શકતી નથી.

આ કેસ વર્ષ ૧૯૮૮નો છે, જ્યારે સુરતના રાંદેર રોડ વિસ્તારમાં બે સગા ભાઈઓ મકાનની છત પર ટીવી એન્ટેના રિપેર કરી રહ્યા હતા. આ દરમિયાન એન્ટેનાનો લોખંડનો પાઈપ નજીકથી પસાર થતી હાઈ-ટેન્શન લાઈનના સંપર્કમાં આવતા બંને ભાઈઓના કરુણ મોત નીપજ્યા હતા. આ મામલે ટ્રાયલ કોર્ટે મૃતકના પરિવારને ૬ ટકા વ્યાજ સાથે રૂ. ૩ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો, જેને વીજ કંપનીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

જસ્ટિસ જે.સી.દોશીએ વીજ કંપનીની અપીલ ફગાવતા મહત્વના મુદ્દાઓ નોંધ્યા હતા. જેમાં તેમણે જણાવ્યું કે, મકાન ઉપરથી પસાર થતી હાઈ-ટેન્શન લાઈન પોતે જ એક જોખમ હતું. આ કિસ્સામાં મૃતકોની કોઈ બેદરકારી નહોતી. જો વીજ કંપનીએ લાઈન પૂરતા સલામતી અંતરે રાખી હોત, તો આ દુર્ઘટના નિવારી શકાઈ હોત. વીજળીનું ટ્રાન્સમિશન કરતી સંસ્થાઓએ ઉચ્ચ સ્તરની કાળજી રાખવી ફરજિયાત છે જેથી નિર્દોષ નાગરિકોના જીવ ન જાય.

વીજ કંપનીએ દલીલ કરી હતી કે, લાઈન નિયમ મુજબ જ હતી અને મૃતકોની બેદરકારી હતી, પરંતુ હાઈકોર્ટે આ તમામ દલીલો ફગાવી દીધી છે. કોર્ટે ટ્રાયલ કોર્ટના વળતરના હુકમને બહાલ રાખતા મૃતકોના પરિવારજનોને તાત્કાલિક વળતર ચૂકવવા આદેશ આપ્યો છે. આ ચુકાદો ભવિષ્યમાં વીજ કરંટને કારણે થતા અકસ્માતોમાં જવાબદારી નક્કી કરવા માટે એક માર્ગદર્શક મિસાલ બનશે.

# ભાજપે મનપાની ૭૨ બેઠકો માટે ૨૮ જ્ઞાતિને મેદાને ઉતારી

## લેઉવા પટેલને સૌથી વધુ ૧૩ ટિકિટ જ્યારે ૧૭ જ્ઞાતિને માત્ર ૧ ટિકિટ મળી

**ક્ષત્રિય - આહીરને ૭-૭ ટિકિટ, કડવા પટેલને ૫ ટિકિટ આપતું ભાજપ**

રાજકોટ તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ એ તમામ ૧૮ વોર્ડના ૭૨ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી કરી છે અને અહીં ૨૮ જ્ઞાતિ મેદાને આવી છે. હાલ જ વિગતો મળી રહી છે તે મુજબ લેઉવા પટેલને સર્વાધિક ટીકીટો આપી છે જ્યારે ક્ષત્રિય અને આહિર જ્ઞાતિ ને ૭-૭ ટિકિટો ફાળવવામાં આવી છે. મળતી માહિતી મુજબ ૧૭ જ્ઞાતિ એવી છે કે જેને માત્ર એક જ ટિકિટ ભાજપ એ આપ્યું હોય જ્યારે ત્રણ જ્ઞાતિ એવી છે કે જેને ૨-૨ ટિકિટ આપી છે. માત્ર એક જ્ઞાતિ એટલે કે બ્રાહ્મણ કે જેને પાંચ ટિકિટો આપી હોય. તો બીજી તરફ, કોળી, અને વણકર જ્ઞાતિના ચાર ટિકિટો ફાળવી છે.

છતાં પણ ગુજરાતમાં આ ટિકિટ વહેચણીને લઈને ભાજપે ઘણું નુકસાન વેઠવું પડ્યું છે. હાલ વોર્ડ વાઈઝ અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. જેને શાંત પાડવામાં પ્રદેશ સંગઠન અને શહેર સંગઠન પણ ખાસી મહેનત કરી રહ્યું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે જે ઉકળતો જરૂર હાલ શહેર ભાજપમાં જોવા મળ્યો છે તેને શાંત કોઈપણ રીતે પડતો નથી. વોર્ડ નંબર ૨ માં રઘુવંશી અને બ્રહ્મ સમાજને જે રીતે અવગાણા કરવામાં આવી છે તેનાથી અન્ય જ્ઞાતિઓમાં પણ ક્યાંકને ક્યાંક રોષ ભભુકી ઉઠ્યો છે. એ વાત સાચી છે કે ૭૨ બેઠકો માટે ૨૮ જ્ઞાતિ મેદાને આવી છે પરંતુ તેમાં પણ જ્ઞાતિ મુજબ જે ટિકિટો ફાળવવામાં આવી જોઈએ તે ન ફાળવવામાં આવતા હાલ ભાજપ સામે ઉમેદવારોની સાથો સાથ સ્થાનિક આગેવાનોનો પણ રોષે ભરાયો છે. ત્યારે આ વખતની બેઠક વહેંચણી ભાજપ માટે કેટલી અસરકરતા સાબિત થશે તે હવે જોવાનું રહ્યું.

### વિવિધ જ્ઞાતિ અને ફાળવવામાં આવેલી ટિકિટો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| બ્રાહ્મણ | ૫ | સિંધી | ૧ | વણકર | ૪ | વાણંદ | ૧ |
| કુંભાર પ્રજાપતિ | ૧ | કોળી | ૪ | ગુર્જર પ્રજાપતિ | ૧ | ગુર્જર સુથાર | ૧ |
| ચૌધરી | ૧ | લેઉવા પટેલ | ૧૩ | ધોબી | ૧ | કાઠી | ૧ |
| ક્ષત્રિય | ૭ | આહિર | ૭ | લોહાણા | ૩ | સોની | ૧ |
| વાલ્મિકી | ૧ | કારડીયા રાજપુત | ૨ | ભીલ | ૧ | દેવીપુજક | ૧ |
| પ્રજાપતિ | ૧ | સગર | ૧ | કડવા પટેલ | ૫ | બાવાજી | ૧ |
| જૈન | ૧ | ભરવાડ | ૨ | કુંભાર | ૧ | કડીયા | ૨ |

# મહિલા અનામત બિલને લઈને વિપક્ષનો માસ્ટર પ્લાન

નવી દિલ્હી,તા.૧૮

વિપક્ષી દળો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક પત્ર લખવાની તૈયારીમાં છે. આ પત્રમાં જૂના મહિલા અનામત બિલને લાગુ કરવાની માગ કરવામાં આવશે. સૂત્રો મુજબ આ અંગે ઈન્ડિયા ગઠબંધનના પક્ષો દેશભરમાં પ્રેસ કોન્ફરન્સ પણ કરશે. વિપક્ષ સ્પષ્ટ કરશે કે તેઓ મહિલા અનામતનું સંપૂર્ણ સમર્થન કરે છે, પરંતુ સરકાર તેની આડમાં દેશનો રાજકીય નકશો બદલવાનો પ્રયાસ કરી રહી છે.

હાલમાં યોજાયેલી એક બેઠકમાં સોનિયા ગાંધીએ પોતાના તમામ સહયોગી દળોનો આભાર માન્યો હતો. વિશેષ સત્રના અંતિમ દિવસ પહેલા કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ કેન્દ્ર સરકારને કહ્યું કે, તેઓ સોમવારે જ જૂનું મહિલા અનામત બિલ સંસદમાં રજૂ કરે. તેમણે કહ્યું કે જે બિલ પર પહેલાથી જ તમામ પક્ષોની સહમતિ હતી, તેને તાત્કાલિક લાવવું જોઈએ. પ્રિયંકા ગાંધીના જણાવ્યા અનુસાર, જો સરકાર આવું કરશે તો વિપક્ષ સરકારને પૂરો સાથ આપશે.

આ વિવાદ ત્યારે વધ્યો જ્યારે શુક્રવારે લોકસભામાં 'બંધારણ (૧૩૧મો સુધારો) વિધેયક, ૨૦૨૬' પાસ ન થઈ શક્યું. જેનો ઉદ્દેશ્ય લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% બેઠકો અનામત રાખવાનો હતો, તે લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું. ગત ગુરુવારથી શુક્રવાર મધ્યરાત્રિ સુધી ચાલેલી લાંબી ચર્ચા બાદ થયેલા મતદાનમાં બિલની તરફેણમાં ૨૯૮ મત પડ્યા હતા, જ્યારે ૨૩૦ સાંસદોએ તેનો વિરોધ કર્યો હતો.

ગૃહમંત્રીએ વિપક્ષ પર આરોપ લગાવ્યો કે તેઓ મહિલાઓને ૩૩ ટકા અનામત આપનારા સુધારાને રોકી રહ્યા છે. બીજી તરફ, રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓનું કહેવું છે કે તેઓ અનામતની વિરુદ્ધ નથી, પરંતુ તેને પરિસીમન/સીમાંકન સાથે જોડવું એ ચૂંટણી માળખાને બદલવાનું એક ષડયંત્ર છે. ત્યારબાદ સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ સ્પષ્ટ કર્યું છે કે સરકાર હવે આનાથી જોડાયેલા અન્ય બિલો પર આગળ વધશે નહીં.



PMને પત્ર લખીને જૂના અનામત બીલ રજુ કરવાની કરાશે માંગ

મહિલા અનામત બિલ લોકસભામાં જરૂરી બહુમતી ન મળવાને કારણે પસાર થઈ શક્યું નથી. આ ઐતિહાસિક બિલ નિષ્ફળ જતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ સામે આક્રમક વલણ અપનાવ્યું છે. કેબિનેટ બેઠક દરમિયાન પીએમ મોદીએ વિપક્ષની ઝાટકણી કાઢતા કહ્યું કે, વિપક્ષે આ બિલને સમર્થન ન આપીને મોટી ભૂલ કરી છે અને હવે તેમણે તેના પરિણામો ભોગવવા પડશે.

સંસદનું આ વિશેષ સત્ર તમિલનાડુ અને પશ્ચિમ બંગાળની ચૂંટણીની હલચલ વચ્ચે લોકસભામાં લાવવામાં આવ્યું હતું. જેને વિપક્ષે નકારી કાઢતા તેનો સીધો ફાયદો ભાજપને થશે તેવો દાવો અનેક રાજકીય પંડિતો કરી રહ્યા છે.

# રઘુવંશી સમાજનું સ્વાભિમાન ઘવાયું

**સમાજના કાર્યકરોની બેઠકમાં ૨૦૨૭ની રણનીતિ ઘડાઈ : શહેર ભાજપ સંગઠનના વલણથી સમાજ નારાજ : સમાજને સાઈડ લાઈન કરનાર અનેક આગેવાનોને સમક્ષ કર્યા ખુલ્લા**





રાજકોટ,તા.૧૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી ગયા છે ત્યારે ૨૬મી એપ્રિલના રોજ મતદાન થશે. જે માટે દરેક રાજકીય પક્ષ હાલ બાકી રહેતાં દિવસોમાં પ્રચાર પ્રસારના કાર્યમાં લાગી ગયા છે. પરંતુ સામે જોવાની વાત તો એ છે કે અનેકવિધ સમાજ ભાજપથી નારાજ થયો છે. જેમાં રઘુવંશી સમાજ, બ્રહ્મ સમાજ સહિત અન્ય જ્ઞાતિનો પણ નારાજ થઈ છે ત્યારે ગઈકાલે રઘુવંશી સમાજ દ્વારા સ્વાભિમાન સંમેલન અંતર્ગત કાર્યકર્તાઓ માટે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખુબ મોટી સંખ્યામાં રઘુવંશી સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં અને આગામી રણનીતિ અંગે પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો સમાજને જે રીતે ટિકીટ વહેંચણીમાં અન્યાય થયો છે તે ભવિષ્યમાં વિધાનસભા ચૂંટણીમાં ન થાય તે માટેનો તખ્તો બેઠકમાં ઘડવામાં આવ્યો હોવાનું પણ સુત્રો જણાવી રહ્યાં છે. ગઈકાલની કાર્યકરોની બેઠકમાં રઘુવંશી સમાજનાં આગેવાનો જોડાયા હતાં અને જે અન્યાય થયેલો છે તેનાથી સમાજને કઈ રીતે બહાર લાવવો અને આવનારા દિવસોમાં ઉચ્ચસ્તરે રઘુવંશી સમાજનું પ્રભુત્વ વધે તે દિશામાં પગલાં લેવામાં આવશે.

વોર્ડ નં.૨માં જે રીતે શહેર ભાજપ સંગઠન દ્વારા રઘુવંશી સમાજની ઉપેક્ષા કરવામાં આવી તે આજ દિન સુધી બન્યું નથી ત્યારે સમાજનાં આગેવાનોના જણાવ્યા અનુસાર ચોક્કસ આગેવાનો અને રાજકીય નેતાઓની મિલીભગતના કારણે હાલ રઘુવંશી સમાજે ઉપેક્ષાનો સામનો કરવો પડયો છે ત્યારે ભાજપ સાથે જ જોડાયેલો રઘુવંશી સમાજ પાર્ટી લાઈનમાં જ રહીને કામ કરશે. તેવું આગેવાનોએ જણાવ્યું હતું. પરંતુ શહેર ભાજપ સંગઠનની આંખ ઉઘાડવા માટે આ બેઠકનું આયોજન કર્યુ હોવાનું પણ સમાજના આગેવાનો કહી રહ્યાં છે. બીજી તરફ શહેર ભાજપ પ્રમુખ દ્વારા સમાજ આ પ્રકારના કાર્યક્રમો ન કરે તે માટે મનામણા કરવામાં આવ્યા હતાં. પરંતુ જે ભ્રામક વચનો જે શહેર સંગઠન દ્વારા આપવામાં આવ્યા તેનાથી સમાજમાં વધુ રોષ ભભૂકી ઉઠયો છે. એટલું જ નહીં એવી પણ ચર્ચાએ જોર પકડયું કે રાજકોટ મહાનગરના અનેકવિધ ટોચના આગેવાનો કે જે રઘુવંશી સમાજ વિરૂધ્ધની વિચારધારા ધરાવે છે તેઓએ એમ પણ કહ્યું કે, રઘુવંશી સમાજનાં મત કોઈ મોટો ફેર પાડી શકે તેમ નથી જે વાતથી પણ સમાજના આગેવાનો હેરાન પરેશાન થયા છે અને મતદાનનો બહીષ્કાર કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

## રાજકોટ શહેર ભાજપ સંગઠને રઘુવંશી સમાજને કર્યો છે હેરાન : મિતેશ રૂપારેલીયા



રઘુવંશી સમાજનાં આગેવાન મિતેશભાઈ રૂપારેલીયાએ રાજકોટ મિરર સાથે વાતચીત કરતાં જણાવ્યું હંતુ કે, હાલ જે બેઠકનું આયોજન કર્યું છે તેનાથી સમાજની ભવિષ્યની રણનીતિ નક્કી કરવામાં આવશે અને જે રીતે સમાજની ઉપેક્ષા કરવામાં આવી છે અને જે ટિકીટ ફાળવવામાં જે અડચણો રાજકીય નેતાઓ દ્વારા ઉભી કરવામાં આવી છે તેનાથી સમાજને ખુબ મોટો આઘાત લાગ્યો છે ત્યારે આ બેઠક કરવા પાછળનો હેતુ હવે માત્ર એ જ છે કે આવનારી ૨૦૨૭ વિધાનસભા ચૂંટણીમાં વિધાનસભા ૬૯માં માત્રને માત્ર રઘુવંશીને જ ટિકીટ આપવામાં આવે સાથોસાથ હાલ રાજકીય રીતે રઘુવંશી સમાજનું જે વર્ચસ્વ નહીંવત થઈ ગયું છે તેને પુનઃસ્થાપિત કરવામાં આવે તેમાં શહેર ભાજપ સંગઠનની સાથે પ્રદેશ ભાજપ સંગઠન પણ સહભાગી થાય વધુમાં તેઓએ જણાવ્યું હતું કે અનેકવિધ રાજકીય નેતાઓ એવું ક્હી રહ્યાં છે કે રઘુવંશી સમાજના મતથી કોઈ ફેર પડતો નથી. આ વખતેની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રઘુવંશી સમાજ મતદાન ન કરે તો શું ફેર પડે તે શહેર ભાજપ સંગઠન જોઈ લેશે.



## રઘુવંશી સમાજના મતદારો માટે એક જ વિકલ્પ “NOTA” : ધવલ કાછેલા

રઘુવંશી યુવા બ્રિગેડના ધવલ કાછેલાએ રાજકોટ મિરર સાથે વાતચીત કરતાં જણાવ્યું હતુંકે સમાજની ઉપેક્ષા કોઈપણ રીતે ચલાવી લેવામાં નહીં આવે વર્ષોથી સમાજના આગેવાનો અને યુવાનો ભાજપ તરફી જ રહ્યાં અને તે જ વિચારધારાને વરેલા છે. આવનારા દિવસોમાં પણ તેઓ ભાજપ સાથે જ જોડાયેલા રહેશે પરંતુ જે રાજકીય આગેવાનો અને ખાસ તો મહિલા ધારાસભ્ય દ્વારા સમાજની જે ઉપેક્ષા કરવામાં આવી છે. તેનાથી સમાજની લાગણી દુભાઈ છે અને પરિણામ સ્વરૂપે જ ગઈકાલની બેઠક યોજવામાં આવી હતી. જેમાં સૌથી મહત્વનો મુદ્દો એજ ચર્ચામાં રાખવામાં આવ્યો કે રઘુવંશી સમાજના ઉમેદવાર ચૂંટણી લડી રહ્યાં હોય તેઓને જ મત આપવામાં આવશે અને બાકીના મત નોટામાં નખાશે. જેથી શહેર ભાજપની શાન ઠેકાણે આવે અને સમાજની જે અવગણના કરવામાં આવી છે તે ભવિષ્યમાં ન થાય. હવે પક્ષનો લક્ષ્ય ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી જ છે અને તે દિશામાં જ સમાજના આગેવાનો દ્વારા વિવિધ કાર્યક્રમો આપવામાં આવશે અને રઘુવંશી સમાજની એકતા અને અખંડિતતા પુનઃસ્થાપિત કરાશે.

## રઘુવંશી સમાજની વસ્તી સામે પ્રતિનિધિત્વ “શૂન્ય” : કુલદીપ રઘુવંશી



રઘુવંશી યુવા બ્રિગેડના કુલદીપ રઘુવંશીએ પણ રાજકોટ મિરર સાથે વાતચીત કરતાં જણાવ્યું હતુ કે, માત્ર રઘુવંશી સમાજ જ નહીં પરંતુ કોઈપણ સમાજની આ હદે જ્યારે ઉપેક્ષાનું ભોગ બન્યું હોય તે સમયે વિરોધનો સૂર ઉઠે ત્યારે આ વખતે ચૂંટણીમાં રઘુવંશી સમાજને જે રીતે તરછોડવામાં આવ્યો છે અંને એક પણ પુરૂષ ઉમેદવારને ટિકીટ આપવામાં આવી નથી તેનાથી સમાજનું પ્રતિનિધિત્વ અને સામાજિક વર્ચસ્વ ખતમ થઈ રહ્યું હોય તેવું સ્પષ્ટ ચિત્ર જોવા મળી રહ્યું છે. વધુમાં કુલદીપ રઘુવંશીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ વખતે પક્ષની આંખ ખોલવાનો નિર્ણય યુવા સેના દ્વારા લેવામાં આવ્યો છે અને તેમાં સમાજના આગેવાનોનો ખુબ સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે ત્યારે આવનારા દિવસોમાં ચોક્કસ રણનીતિ નક્કી કરી સમાજનું પ્રભુત્વ સ્થાપિત કરવાના તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવશે.

---

**મારો મત મારો અધિકાર, મતદાન અચૂક કરીએ’**

# મનપાના ટેક્સબિલમાં અપાયો મતદાનનો સંદેશ

**૨૬મીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાનની અપીલ કરતા સ્ટેમ્પ્સ લગાવી ટેક્સ બિલનું વિતરણ**

રાજકોટ તા. ૧૮

રાજકોટ શહેર અને જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. મુક્ત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં ૨૬મીએ મતદાન યોજવાની તૈયારીઓ ચૂંટણી તંત્ર દ્વારા ચાલી રહી છે. દરમિયાન રાજકોટ મહાનગર પાલિકા દ્વારા હાલ વિતરિત કરાતા ટેક્સબિલમાં સ્ટેમ્પ લગાવીને ચૂંટણીમાં નાગરિકોને મતાધિકારનો અચૂક ઉપયોગ કરવાની અપીલ કરાઈ રહી છે.

‘મતદાન એ નાગરિકોનો અધિકાર છે અને નાગરિકો ચૂંટણીમાં મતાધિકારનો અચૂક ઉપયોગ કરે’ તે માટે ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ સ્તરે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. રાજકોટ મહાનગર પાલિકા દ્વારા હાલ ટેક્સ બિલનું વિતરણ ચાલી રહ્યુ છે. જેમાં પણ ૨૬મીએ લોકશાહીના પર્વ એવા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ‘મારો મત મારો અધિકાર, મતદાન અચૂક કરીએ’ એવો સંદેશ આપતા સ્ટેમ્પ લગાવાઈ રહ્યા છે. આ બિલ નાગરિકોને મળે છે, ત્યારે તેને મતદાનની તારીખ સાથે મતદાન કરવાની પ્રેરણા મળે છે.




---

**મહાનગરપાલિકા દ્વારા પ્રેમમંદિર અને પોપટપરાના ૧૦૫૭ આવાસો બે લાખમાં વેંચવા કાઢ્યા પણ ફોર્મ આવ્યા માત્ર ૪૫૭ : એલઆઈજીના છ આવાસો માટે ૧૮૮૨ અને એમઆઈજીના ૧૭ આવાસો માટે ૨૧૭૧ ફોર્મ ભરાયા**

# ૨૦ વર્ષ જુના ખંઢેર આવાસોના નવા રૂપરંગ અપાયા છતાં બે લાખમાં પણ કોઈ લેવાલ નથી

રાજકોટ , તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રેમમંદિર, પોપટપરામાં આવેલા બીએસયુપી હેઠળના ૧૦૫૭ આવાસો સહિત એલઆઈજી એમઆઈજી કેટેટરીના કુલ ૧૦૮૦ આવાસોની ફાળવણી કરવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. પણ ૨૦૦૬માં બીએસયુપી યોજના હેઠળ બનેલા આવાસો રિનોવેશન કરી નવા રંગરૂપ આપીને રૂ. બે લાખની સસ્તી કિંમતે આપવાની મહાનગરપાલિકાની યોજના નિષ્ફળ ગઈ છે. આ બન્ને સ્થળના કુલ ૧૦૫૭ આવાસો માટે આજ સુધીમાં માત્ર ૪૫૪ લોકોએ જ રસ દાખવ્યો છે. ! ઉલ્લેખનીય છે કે પ્રેમ મંદિર અને પોપટપરામાં વિસ્થાપિતોને આવાસની સગવડ આપવા માટે મહાનગરપાલિકાએ બીએસયુપી યોજના હેઠળ આવાસોનું નિર્માણ કર્યુ હતું. પણ કોઈ લાભાર્થી આ આવાસમાં ગયા નહોતા. અને લાંબા સમયથી ખાલી પડેલા આવાસો ખંઢેર અને ભૂત બંગલા જેવા બની ગયા હતા.

સામાન્ય રીતે ૨૦ કે ૨૫ વર્ષ જુના આવાસો રીકન્સ્ટ્રકશન કરવામાં આવતા હોય છે ત્યારે પ્રેમ મંદિર જેવા મોકાના સ્થળે આવેલા આવાસો તોડીને ૧૨ કે ૧૪ માળના હાઈરાઈઝ્ડ આવાસ અને કોમર્શિયલ સેન્ટર બનાવીને નવેસરથી નવેસરથી વેંચાણ કરવાને બદલે મહાનગરપાલિકાએ થોડા સમય પહેલા લાખના બાર હજાર કરવા આ આવસોનું રિનોવેશન કરીને સસ્તા ભાવે આપવાની યોજના જાહેર કરી હતી આવાસના ભાંગેલા તુટેલા બારી બારણા, રસોડાના પ્લેટફોર્મ અને ઈલેકિટ્રક વાયરિંગની મરામત કરીને તેના જોખમનો વિચાર કર્યા વગર જ મહાનગરપાલિકાએ તાજેતરમાં પ્રેમમંદિર અને પોપટપરાના ઇડબલ્યુએસ પ્રકારના બીએસયુપી યોજના હેઠળના આવાસો રૂ. બે લાખમાં વેંચાણ કરવા ફોર્મ બહાર પાડ્યા હતા. પણ,



લાભાર્થીઓએ આ સસ્તા આવાસો માટે રસ દાખવ્યો ન હોય તેમ આજ સુધીમાં કુલ ૪૫૪ ફોર્મ જ ભરાયા છે. જ્યારે એલઆઈજી પ્રકારના ટુ બીએચકેના છ આવાસો માટે ૧૮૮૨ અને એમઆઈજી પ્રકારના થ્રી બીએચકેના ૧૭ આવાસો માટે ૨૧૭૧ ફોર્મ આવ્યા છે.

---

# લકવાગ્રસ્ત મહિલા સફાઈ કામદારોની દયનીય હાલત

**ચાલુ નોકરીએ પેરાલીસીસગ્રસ્ત થતા એજન્સીએ નિયમો નેવે મૂકી માત્ર એક મહિનાનો પગાર આપી હાથ અધ્ધર કર્યાનો આરોપ, તંત્રએ એજન્સીને તાકીદ કરી ટૂંક સમયમાં પ્રશ્નનો ઉકેલ લાવવા આદેશ આપ્યા**





રાજકોટ, તા. ૧૮

મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોના હક્કો અને તેમની સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના વોર્ડ નં. ૬/બ હેઠળ માંડા ડુંગર વિસ્તારમાં સફાઈ કામગીરી કરતા એક મહિલા સફાઈ કામદાર ગંભીર બીમારીનો ભોગ બન્યા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા તેમને રઝળતા મૂકી દેવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે રાજકોટ કામદાર યુનિયન દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. બીજી તરફ, પર્યાવરણ વિભાગના અધિકારીનાં જણાવ્યા મુજબ ભોગ બનનાર દ્વારા અગાઉ આ બાબતની જાણ કરવામાં આવી નથી. આ અંગેની જાણ થતાં જ એજન્સીને નિયમ મુજબના તમામ લાભો આપવા માટે તાકીદ કરવામાં આવી છે અને ટૂંક સમયમાં આ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

રાજકોટ મહાપાલિકાના વોર્ડ નં. ૬/બ માં જે.કે. સિક્યુરિટી સર્વિસ પાસે સફાઈનો કોન્ટ્રાક્ટ છે. આ એજન્સી હેઠળ છેલ્લા લાંબા સમયથી ઉષાબેન જયેશભાઈ વેગડા સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. મળતી માહિતી મુજબ, ઉષાબેન જ્યારે પોતાની ફરજ પર જઈ રહ્યા હતા, ત્યારે અચાનક જ તેમને પેરાલિસિસ (લકવો)નો ગંભીર હુમલો આવ્યો હતો. આ આકસ્મિક બીમારીને કારણે તેઓ શારીરિક રીતે અશક્ત બની ગયા છે.

હાલમાં તેમની સ્થિતિ એટલી ગંભીર છે કે તેઓ અડધી રોટલી પણ જાતે ખાઈ શકતા નથી !. પરિવારમાં કમાનાર વ્યક્તિ તરીકે માત્ર ઉષાબેન જ હતા, કારણ કે તેમના પતિની અગાઉ હત્યા થઈ ચૂકી છે. આવા કપરા સમયે જ્યારે તેમને આર્થિક અને સામાજિક ટેકાની જરૂર હતી. ત્યારે જે . કે.સિક્યુરિટી સર્વિસ દ્વારા માત્ર ૧ મહિનાનો પગાર ચૂકવીને ત્યારબાદ ઉષાબેનનો પગાર બંધ કરી દેવામાં આવતા કામદાર યુનિયન દ્વારા આ મામલે ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

ભારત સરકારની કર્મચારી રાજ્ય વીમા યોજના (ઊજીઈઈ) મુજબ, કોઈપણ કામદાર જો ફરજ દરમિયાન કે સેવાના સમયગાળામાં બીમાર પડે, તો તેને અનેક પ્રકારની સુરક્ષા મળવાપાત્ર છે. ઉષાબેન પાસે ઊજીઈઈ કાર્ડ હોવા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા તેમને જરૂરી લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. ઊજીઈઈના નિયમ મુજબ કામદારને આજીવન મફત સારવાર, દવાઓ અને જરૂર પડે તો ઓપરેશનની સુવિધા મળવી જોઈએ. ખાસ કરીને પેરાલિસિસ જેવી ગંભીર બીમારીમાં 'એક્સટેન્ડેડ સિકનેસ બેનિફિટ' હેઠળ કામદારને આશરે ૮૦% જેટલો પગાર ૨ વર્ષ સુધી મળવાપાત્ર હોય છે. વધુમાં, જો કામદાર કાયમી અશક્ત બને, તો તેને અશક્તતા લાભ હેઠળ પેન્શનનો હક્ક મળે છે. 'દિવ્યાંગજન અધિકાર અધિનિયમ ૨૦૧૬' (છ્જીઠઉ અભ્ર્ાં) મુજબ, કોઈ પણ કર્મચારી અશક્ત બને તો તેને નોકરીમાંથી કાઢી શકાતો નથી, પરંતુ તેને વૈકલ્પિક કામ આપવું પડે છે અથવા પૂર્ણ વળતર ચૂકવવું પડે છે.

પણ બીજી બાજુ બીમારીના કારણે ઉષાબેન કામ પર ન આવી શકતા કોન્ટ્રાક્ટર દ્વારા તેમનો પગાર બંધ કરી દેવામાં આવ્યો છે. ઉષાબેનના પતિનું અગાઉ અવસાન થયું હોવાથી ઘરની આર્થિક સ્થિતિ પણ અતિશય નબળી છે. આ ગંભીર પરિસ્થિતિમાં પણ કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર એક મહિનાનો પગાર આપીને બાકીનો પગાર અટકાવી દેવામાં આવ્યો છે. કામદાર યુનિયને માંગણી કરી છે કે ઉષાબેનને તાત્કાલિક અસરથી ઊજીઈઈ ના તમામ લાભો અપાવવામાં આવે અને કોન્ટ્રાક્ટર દ્વારા અટકાવવામાં આવેલો પગાર વ્યાજ સાથે ચૂકવવામાં આવે. સાથે જ નિયમોનું ઉલ્લંઘન કરનાર જે.કે. સિક્યુરિટી સર્વિસ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની અથવા તેમનો કોન્ટ્રાક્ટ રદ કરવાની માંગ પણ કરવામાં આવી છે. યુનિયને ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં આ સફાઈ કામદારને યોગ્ય ન્યાય નહીં મળે, તો સંવિધાનના માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

આ વિવાદ અંગે પર્યાવરણ વિભાગના અધિકારી વિવેકભાઈ ચાવડાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, ઉષાબેન દ્વારા આ અંગે અગાઉ કોઈ સત્તાવાર જાણ કરવામાં આવી નહોતી. આમ છતાં, તંત્ર દ્વારા તેમને છેલ્લા ૧ મહિનાનો પગાર ચૂકવી દેવામાં આવ્યો છે. હાલમાં જ્યારે તેમની ગંભીર સ્થિતિ હોવાની જાણકારી મળી છે, ત્યારે તાત્કાલિક ધોરણે એજન્સીને ઉષાબેનને નિયમ મુજબ મળતા તમામ લાભો આપવાની કડક તાકીદ કરવામાં આવી છે. એજન્સીએ પણ આ બાબતે ત્વરિત કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# મતદારોના ચૂંટણી મુદ્દા

## મેટ્રો સિટીના વચનો વચ્ચે જીવલેણ પ્રશ્નોની અવગણના




ચૂંટણીનો માહોલ જામ્યો છે. કોંગ્રેસ બાદ ભાજપે પણ પોતાનું સંકલ્પપત્ર જાહેર કરી દીધું છે. દરેક પક્ષ મેટ્રો સિટી, સ્માર્ટ સિટી અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ભવ્ય સપનાઓ દેખાડી રહ્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે સામાન્ય માણસ જે પ્રાણઘાતક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે, તેમાં કોઈ પણ રાજકીય પક્ષને ઊંડો રસ હોય તેમ જણાતું નથી. લોકો કમોતે મરે છે, પણ રાજનીતિ માત્ર આંકડાઓ અને આયોજનોમાં અટવાયેલી છે.

સ્થાનિક ચૂંટણીઓમાં લોકોના મુદ્દા જમીની હકીકત સાથે જોડાયેલા હોવા જોઈએ. આજે સૌથી મોટી સમસ્યા ભેળસેળિયા ઝેરી ખોરાકની છે. તંત્રના સેટિંગને કારણે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થાય છે. શું કોઈ પક્ષ આ સેટિંગમાંથી મુક્તિ અપાવવાની ખાતરી આપશે? ટ્રાફિકની સમસ્યા જીવલેણ બની છે. માત્ર દંડ ઉઘરાવવાને બદલે તંત્રની જવાબદારી ફિક્સ થવી જોઈએ. જો રસ્તાની ડિઝાઈન કે વ્યવસ્થામાં તંત્ર ઉણું ઉતરે, તો અધિકારીઓને દંડ કરવાની જોગવાઈ કેમ નથી? સફાઈ બાબતે માત્ર ફોટા પડાવવાથી કામ નહીં ચાલે. નગરસેવક અને અધિકારીની જવાબદારી નક્કી થવી જોઈએ. માર્ગો પરના દબાણો અને ખાડાઓ પંદર દિવસમાં દૂર થાય તેવી આક્રમક કાર્યપદ્ધતિ જરૂરી છે. વહીવટી તંત્રના અધિકારીઓ, કમિશનર અને મેયરે એસી ઓફિસો છોડીને ફરજિયાત નગર યાત્રા કરવી જોઈએ.

લોકોની ફરિયાદનો નિકાલ માત્ર કાગળ પર નહીં, પણ એક કલાકમાં ધરાતલ પર થવો જોઈએ. વળી, જો રાજ્ય કે કેન્દ્ર સરકાર શહેરને અન્યાય કરે, તો શહેરના શાસકોએ પક્ષભક્તિ છોડીને શહેરના હિત માટે નિર્ણાયક લડત આપવી જોઈએ. ગેરકાયદે નશાના કારોબારને ૧૫ દિવસમાં શહેરવટો મળે તેવા કડક પગલાં અનિવાર્ય છે. યુવા પેઢીને બચાવવી એ મેટ્રો ટ્રેન લાવવા કરતા વધુ મહત્વનું છે.

રાજકોટ જેવા શહેરો મેટ્રો સિટી ન બને તો ચાલશે, પણ તે સુખી અને શાંત સિટી બનવું જ જોઈએ. જ્યાં નાગરિક સુરક્ષિત અનુભવે અને પાયાની સુવિધાઓ માટે ભટકવું ન પડે. યાદ રાખો, જ્યાં સુધી મતદારો જાગૃત થઈને આવા લોકલ મુદ્દાઓ પર જવાબ નહીં માંગે, ત્યાં સુધી રાજનીતિ ક્યારેય લોકાભિમુખ બનશે નહીં. લોકશાહીમાં જનતાનો અવાજ જ સર્વોપરી છે.

# બેવડી નાગરિકતા મુદ્દે FIR નોંધવા પર સ્ટે આપતી અલ્હાબાદ હાઈકોર્ટ

## રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિકત્વ ધરાવતા હોવાની અરજી પર અંતિમ નિર્ણય વિરોધ પક્ષના નેતાને સાંભળ્યા વિના લઈ શકાય નહીં : HC



લખનૌ, તા.૧૮

ઘટનાઓના ઝડપી કાનૂની વળાંકમાં, અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે શનિવારે એક દિવસ પહેલાના પોતાના આદેશ પર રોક લગાવી દીધી, જેમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ (FIR) નોંધવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો .કોર્ટે અવલોકન કર્યું કે ગાંધી બ્રિટિશ નાગરિકત્વ ધરાવે છે તે અરજી પર અંતિમ નિર્ણય વિરોધ પક્ષના નેતાને સાંભળવાની તક આપ્યા વિના લઈ શકાય નહીં. આ સ્ટે શુક્રવારે ખુલ્લી અદાલતમાં આપવામાં આવેલા ચુકાદાના અમલને અસરકારક રીતે મુલતવી રાખે છે, જેના કારણે ન્યાયિક પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી FIR નોંધાતી નથી.આ કેસ કર્ણાટક સ્થિત ભાજપના સભ્ય વિગ્નેશ શિશિર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કેન્દ્રિત છે, જેમણે જાન્યુઆરી ૨૦૨૬ માં લખનૌની એક ખાસ સાંસદ-ધારાસભ્ય કોર્ટે શરૂઆતમાં અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યા પછી હાઇકોર્ટમાં અરજી કરી હતી, જેમાં તેમણે ગાંધી પર ભારતીય કાયદાનું ઉલ્લંઘન કરીને બ્રિટિશ નાગરિકતા ધરાવવાનો આરોપ મૂક્યો હતો.અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), વિદેશી અધિનિયમ, પાસપોર્ટ અધિનિયમ અને અન્ય સંબંધિત કાયદાઓ હેઠળ ઘણા ગુનાઓ આચરવામાં આવ્યા હોઈ શકે છે. શિશિરે કોંગ્રેસના નેતા પર દુશ્મન દેશોને માહિતી પૂરી પાડવા અને નકલી પાસપોર્ટ મેળવવાનો પણ આરોપ લગાવ્યો.અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે શરૂઆતમાં ચુકાદો આપ્યો હતો કે બેવડી નાગરિકતાનો આરોપ લગાવતી અરજીમાં રાહુલ ગાંધી વિરુદ્ધ ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (FIR) નોંધવી જોઈએ, એમ વધારાના સરકારી વકીલ વિનય કુમાર શાહીએ જણાવ્યું હતું .જ્યારે ન્યાયાધીશ સુભાષ વિદ્યાર્થીએ શરૂઆતમાં શોધી કાઢ્યું હતું કે આરોપો પ્રથમ દૃષ્ટિએ ઓળખી શકાય તેવા ગુનાઓસ્ત્રસ્ત્ર દર્શાવે છે જેના માટે તપાસની જરૂર છે, તેમણે શનિવારે અંતિમ સહી કરેલ આદેશ રોકી રાખ્યો હતો.અરજદાર વિગ્નેશ શિશિરે શરૂઆતના આદેશને સીમાચિહ્નરૂપ ચુકાદો ગણાવ્યો હતો, જેમાં દલીલ કરવામાં આવી હતી કે ભારતીય ચૂંટણી લડતી વખતે વિદેશી નાગરિકતા રાખવી એ બંધારણ, નાગરિકતા કાયદા અને વિદેશી કાયદાનું ઉલ્લંઘન કરે છે. ANI સાથે વાત કરતા શિશિરે કહ્યું, અલાહાબાદ હાઈકોર્ટે લખનૌ બેન્ચે ખૂબ જ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે અને રાયબરેલી મતવિસ્તારના લોકસભા સભ્ય અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ બ્રિટિશ નાગરિકતા કેસ સંદર્ભે FIR નોંધવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે પ્રથમ દ્રષ્ટિએ એવું શોધી કાઢ્યું છે કે રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિકતા ધરાવે છે અને ભારતના બંધારણ મુજબ, નાગરિકતા કાયદા અને વિદેશી કાયદા મુજબ કોઈપણ વિદેશી નાગરિક માટે ભારતીય નાગરિકતા રાખવી ગેરકાયદેસર છે. શિશિરે ઉમેર્યું કે કોર્ટે રાહુલ ગાંધીના ચૂંટણી ઈતિહાસની પણ નોંધ લીધી છે. તેમજ તેમણે રાયબરેલી, વાયનાડ અને અમેઠીથી સાંસદ તરીકે ઘણી વખત ચૂંટણી લડી છે, જે એક ફોજદારી ગુનો છે, અને હાઈકોર્ટે ભારતીય ન્યાય સંહિતા તેમજ પાસપોર્ટ એક્ટની વિવિધ કલમો હેઠળ FIR નોંધવાનો નિર્દેશ આપ્યો છે, તેમણે કહ્યું.

# એક વાર બંગાળમાં ભાજપ જીતે તો TMC ખલાસ : CM શર્મા

## આસામના મુખ્યમંત્રીએ કહ્યું કે, મમતા ડરી ગયા, રાજકારણ સમાપ્ત થવાનો ડર



નવી દિલ્હી, તા.૧૮

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન માટે માત્ર પાંચ દિવસ બાકી છે ત્યારે, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સત્તામાં આવ્યા પછી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) કાયમી ધોરણે સમાપ્ત થઈ જશે.પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીનો પહેલો તબક્કો ૨૩ એપ્રિલે યોજાશે, જેમાં ૧૫૨ મતવિસ્તારો આવરી લેવામાં આવશે. પહેલા તબક્કામાં કૂચ બિહાર, અલીપુરદ્વાર, જલપાઈગુડી, દાર્જિલિંગ, ઉત્તર અને દક્ષિણ દિનાજપુર, માલદા, મુર્શિદાબાદ, પુરુલિયા, બાંકુરા, ઝારગ્રામ, પશ્ચિમ મેદિનીપુર, પશ્ચિમ વર્ધમાન અને બીરભૂમ અને નાદિયાના કેટલાક મતવિસ્તારોનો સમાવેશ થાય છે. આ વિસ્તાર સરહદી જિલ્લાઓ, આદિવાસી પટ્ટાઓ, ચાના બગીચાના વિસ્તારો અને ઔદ્યોગિક વિસ્તારોને આવરી લે છે.કૂચ બિહારમાં એક જાહેર સભાને સંબોધતા, સરમાએ દાવો કર્યો કે ભાજપ રાજ્ય સરકાર બનાવશે ત્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનજીર્ની રાજનીતિનો અંત આવશે. મમતા મોદીથી કેમ ડરે છે કારણ કે તેઓ જાણે છે કે જો ભાજપ ક્યારેય બંગાળમાં સત્તામાં આવશે, તો તેમનું રાજકારણ સમાપ્ત થઈ જશે. જેમ આપણે ગુજરાત અને ઉત્તર પ્રદેશ અને બિહારમાં કોંગ્રેસને કાયમ માટે બંધ કરી દીધી હતી. એકવાર ભાજપ અહીં જીતી જશે, તો ટીએમસી પણ કાયમ માટે સમાપ્ત થઈ જશે, સરમાએ કહ્યું. જ્યારે હું તેમના દાવાઓ સાંભળું છું ત્યારે મને આશ્ચર્ય થાય છે. ક્યારેક હું ટીવી જોઉં છું અને હસું છું.

હુમાયુ કબીરે કહ્યું હતું કે તે બાબરી મસ્જિદ બનાવશે. વાસ્તવમાં, તેઓ કંઈ કરી શકતા નથી. ભાજપ સરકાર આવે તો, આ બધું એક જ વારમાં ઉકેલાઈ જશે, તેમણે ઉમેર્યું. અગાઉના દિવસે, ટીએમસીએ હિમંતા બિસ્વા શર્મા વિરુદ્ધ ભારતીય ચૂંટણી પંચ (ECI) માં ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેમના પર રાજ્યમાં એક ચૂંટણી રેલી દરમિયાન મમતા બેનર્જી વિરુદ્ધ સાંપ્રદાયિક આરોપિત, ઉશ્કેરણીજનક અને વિભાજનકારી ટિપ્પણી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.પાર્ટી વતી સુપરત કરાયેલા પત્રમાં, ટીએમસી નેતા ડેરેક ઓથબ્રાયને આરોપ લગાવ્યો હતો કે ૧૬ એપ્રિલના રોજ કૂચ બિહારમાં ચૂંટણી પ્રચાર દરમિયાન શર્માએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ માત્ર ઉશ્કેરણીજનક જ નહીં પરંતુ અપમાનજનક પણ નિવેદનો આપ્યા હતા. ફરિયાદમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે આ ટિપ્પણીઓનો હેતુ વિધાનસભા ચૂંટણી પહેલા ધાર્મિક આધાર પર મતદારોનું ધ્રુવીકરણ કરવાનો હતો.પત્ર અનુસાર, શર્માએ કથિત રીતે સૂચવ્યું હતું કે મમતા બેનર્જી રાજ્યમાં ભાજપ સરકારથી ડરે છે કારણ કે તે ગૌમાંસ પર પ્રતિબંધ લાદી શકે છે. તેમણે કથિત રીતે ગૌમાંસના સેવનને ચોક્કસ સમુદાયો સાથે જોડ્યું હતું અને અમુક વિસ્તારોમાં દાણચોરી અને ગૌમાંસની દુકાનોની સ્થાપના જેવી પ્રવૃત્તિઓ અંગે દાવા કર્યા હતા. ટીએમસીએ આ ટિપ્પણીઓને પાયાવિહોણી, ઉશ્કેરણીજનક અને પ્રેરિત ગણાવી હતી.બાકીના ૧૪૨ મતવિસ્તારોમાં બીજા તબક્કાનું મતદાન ૨૯ એપ્રિલે થશે, અને બધી ૨૯૪ બેઠકોના પરિણામો ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે.રાજ્યમાં સતત ચોથી વખત સત્તા મેળવવા માંગતી તૃણમૂલ કોંગ્રેસ અને પાછલી ચૂંટણીઓમાં મજબૂત પ્રદર્શન બાદ સરકાર બનાવવાનું લક્ષ્ય રાખતી ભાજપ વચ્ચે હાઈ-વોલ્ટેજ સ્પર્ધા થવાની તૈયારી છે.

# ભારતીય જહાજ પર ફાયરિંગ, ઈરાન સામે વિરોધ



ઈરાની રાજદૂતને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૧૮

હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય જહાજ પર ગોળીબારની ઘટના અંગે ભારતે શનિવારે ઈરાનના રાજદૂત ડો. મોહમ્મદ ફતહલી સમક્ષ વિરોધ નોંધાવ્યો.આ ઘટના અંગે ઈરાની રાજદૂતને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા.અગાઉ, વેપારી જહાજ ટ્રેકિંગ વેબસાઈટે બે ઓડિયો રેકોર્ડિંગનો ઉલ્લેખ કરીને અહેવાલ આપ્યો હતો કે ઈરાનની સેપાહ (IRGC) નૌકાદળ દ્વારા બે ભારતીય જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પશ્ચિમ તરફ પાછા ખેંચવામાં આવ્યા હતા અને ફાયરિંગ સામેલ હતું .ઈરાને શનિવારે જાહેરાત કરી હતી કે હોર્મુઝની વ્યૂહાત્મક સ્ટ્રેટ તેના પહેલાના રાજ્ય માં પાછી ફરી છે, જેમ કે તે ઇઝરાયલ અને લેબનોન વચ્ચે યુદ્ધવિરામ કરાર પહેલા હતું. ઈરાને ઈરાની બંદરોની સતત નાકાબંધી હેઠળ યુનાઇટેડ સ્ટેટ્સ દ્વારા ઉલ્લંઘનનો ઉલ્લેખ કર્યો છે, જ્યારે તેહરાને જળમાર્ગ ફરીથી ખોલવાની જાહેરાત કરી હતી. ઈરાનના રાજ્ય મીડિયા, ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન બ્રોડકાસ્ટિંગ (IRIB) અનુસાર, જેમાં ઈરાનના પવિત્ર પયગંબર (PBUH) ના સેન્ટ્રલ હેડક્વાર્ટરના પ્રવક્તાને ટાંકીને જણાવાયું છે કે, તેહરાન અગાઉ વાટાઘાટો પછી, સારા વિશ્વાસથી, વ્યૂહાત્મક સામુદ્રધુનીમાંથી તેલ ટેન્કરો અને વાણિજ્યિક જહાજોને મર્યાદિત અને સંચાલિત પસાર થવાની મંજૂરી આપવા સંમત થયું હતું.જોકે, પ્રવક્તાએ જણાવ્યું હતું કે યુનાઇટેડ સ્ટેટ્સે વારંવાર પ્રતિબદ્ધતાઓનો ભંગ કર્યો છે અને ઇસ્લામિક રિપબ્લિકના બંદરો પર નાકાબંધી લાદવાના બહાના હેઠળ ચાંચિયાગીરી અને લૂંટ માં રોકાયેલું છે. વાટાઘાટોમાં અગાઉના કરારો પછી, ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન સદ્ભાવનાથી મર્યાદિત સંખ્યામાં તેલ ટેન્કરો અને વાણિજ્યિક જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી વ્યવસ્થિત રીતે પસાર થવા દેવા માટે સંમત થયું. કમનસીબે, અમેરિકનો, વચન ભંગના વારંવારના રેકોર્ડ સાથે, કહેવાતા નાકાબંધીની આડમાં ચાંચિયાગીરી અને લૂંટફાટમાં સામેલ થવાનું ચાલુ રાખે છે, IRIB દ્વારા ટાંકવામાં આવેલા નિવેદનમાં વાંચવામાં આવ્યું છે.પ્રવક્તાએ વધુમાં જાહેર કર્યું કે સ્ટ્રેટ પર નિયંત્રણ હવે કડક કરવામાં આવ્યું છે, અને જળમાર્ગને ઈરાનના સશસ્ત્ર દળોના કડક સંચાલન અને નિયંત્રણ હેઠળ મૂકવામાં આવ્યો છે. આ કારણોસર, હોર્મુઝ સ્ટ્રેટનું નિયંત્રણ તેની પાછલી સ્થિતિમાં પાછું આવી ગયું છે, અને આ વ્યૂહાત્મક સ્ટ્રેટ સશસ્ત્ર દળોના કડક સંચાલન અને નિયંત્રણ હેઠળ છે,સ્ત્રસ્ત્ર નિવેદનમાં ઉમેરવામાં આવ્યું છે.નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે જ્યાં સુધી વોશિંગ્ટન ઈરાની જહાજો માટે સંપૂર્ણ અવરજવરની સ્વતંત્રતા તરીકે વર્ણવેલ ખાતરી નહીં કરે ત્યાં સુધી વર્તમાન પરિસ્થિતિ ચાલુ રહેશે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં કહ્યું હતું કે ઈરાનના બંદરો પર અમેરિકન નૌકાદળની નાકાબંધી ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી તેહરાન સાથે વ્યાપક શાંતિ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં ન આવે, ઈરાનના હોર્મુઝ સ્ટ્રેટ સુધી પહોંચ પુનઃસ્થાપિત કરવાના પગલા છતાં. નૌકાદળનો નાકાબંધી સંપૂર્ણ બળ અને પ્રભાવમાં રહેશે કારણ કે તે ઈરાન સાથે સંબંધિત છે જ્યાં સુધી ઈરાન સાથેનો આપણો વ્યવહાર ૧૦૦% પૂર્ણ ન થાય. તેમણે વધુમાં નોંધ્યું હતું કે આ પ્રક્રિયા ખૂબ જ ઝડપથી થવી જોઈએ, પોસ્ટમાં વાંચવામાં આવ્યું હતું.દરમિયાન, સેન્ટકોમે શનિવારે યુએસ નાકાબંધી દરમિયાન અરબી સમુદ્રમાં પેટ્રોલિંગ કરતા દરિયાકાંઠાના લડાયક જહાજ યુએસએસ કેનબેરા (LCS 30) ના દ્રશ્યો શેર કર્યા.

નાકાબંધી શરૂ થયા પછી, ૨૩ જહાજોએ યુએસ દળોના નિર્દેશનું પાલન કર્યું છે જેથી તેઓ પાછા ફરી શકે. અમેરિકન દળો ઈરાની બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશતા કે બહાર નીકળતા જહાજો સામે દરિયાઈ નાકાબંધી લાગુ કરી રહ્યા છે, તેમાં ઉમેર્યું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## માનવતા એવંમ સત્ય પ્રેમ અને કરુણાનાં ભાવ ક્યારેય ક્ષય પામે નહીં તે છે અક્ષય તૃતીયા!



આજે અક્ષય તૃતીયાનો તહેવાર છે, વૈશાખ મહિનાની ત્રીજને અક્ષય તૃતીયા કહેવામાં આવે છે, અને એને અખાત્રીજ પણ કહેવાય છે. આમ તો સૌ કોઈ ઈશ્વરને પોતાનાં સુખ એટલે કે ભોગ વિલાસના સાધનોનો ક્યારેય ક્ષય થાય નહીં, એવું જ ઈશ્વર પાસે માંગતા હોય છે!: પણ હકીકતમાં આજના સાંપ્રત સમયમાં જે રીતે માનવતાનાં મૂલ્યોનું ધોવાણ થતું જોવાં મળે છે, એ રીતે વિચારીએ તો આ અક્ષય તૃતીયાએ આપણે સૌએ આપણાં માનવતાના ભાવમાં ક્યારેય ક્ષય થાય નહીં, એવી ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ! મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણએ પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં જતા હતા, ત્યારે દ્રૌપદીને અક્ષયપાત્ર આપ્યું હતું. પરંતુ તે છતાંય દ્રૌપદીએ કે પાંડવોએ અક્ષય પાત્રનો દુરુપયોગ કર્યો નહીં! આ વાત એ કાળની સચ્ચાઈ છે! આજે સંભવ નથી, એટલે કે આજે જો કોઈ પાસે એવું પાત્ર હોય તો, એ માત્ર તેનો જીવન નિર્વાહ પૂરતો ઉપયોગ ન કરે,એ એક સીધીસાદી અને સ્વીકારી શકાય એવી વાત છે. આજે આપણે જરૂરિયાતને નામે પણ એટલું બધું ઈચ્છતા થઈ ગયા છીએ, કે ખરેખર જેની જરૂર નથી, એનો પણ સંગ્રહ થતો જાય છે. વસ્તુ પદાર્થની રીતે તો હજી પણ સમયની માંગ તરીકે સ્વીકારી શકાય, એટલે કે ૨ જોડ કપડાંની જરૂર હોય, અને ૨૨ જોડ કપડાં કબાટમાં હોય છે! પણ માનસમાં જેનો ખરેખર ક્ષય થવો જોઈએ! એવાં ભાવ આપણે જીંદગીભર અક્ષય રાખીએ છીએ! અને જ્યાં સુધી એ ભાવનો ક્ષય નહીં થાય, ત્યાં સુધી આપણે સદભાવનાનું મુલ્ય જાણી શકીએ નહીં! તો ક્ષય કોનો થવો જોઈએ અને કોનો ન થવો જોઈએ! એ તફાવત પર આપણું ધ્યાન કેન્દ્રિત નહીં થાય, ત્યાં સુધી આવી કેટલીય અક્ષય તૃતીયાની ઉજવણી કરીશું, તોય અંતે તો આપણું પાત્ર ખાલી જ રહેશે!: અથવા તો જેની બિલકુલ જરૂર નથી એવાં ભાવથી ભરાયેલું રહેશે.

અખાત્રીજ ઊજવવાનાં શાસ્ત્રોમાં ત્રણ-ચાર કારણ બતાવાયા છે. અક્ષય તૃતીયાને પરશુરામ જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે. પૂરેપૂરો વૈશાખ મહિનો વિષ્ણુની આરાધનાનો મહિનો છે. નારાયણ સ્વરૂપની ઉત્પત્તિ આ માસ દરમિયાન થઇ હતી. શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ ત્રેતા યુગની શરૂઆત પણ આ દિવસથી થઈ હતી. શાસ્ત્રનાં કહેવા અનુસાર સતયુગની સ્થાપના પણ અક્ષય તૃતીયાથી થઈ હતી. ચૈત્ર માસને આપણે ત્યાં પિતૃનો માસ માનવામાં આવે છે, અને એ દિવસોમાં શુભ કાર્ય એટલે કે લગ્ન વાસ્તુ જેવા કાર્યો કરાતા નથી, ત્યારે અખાત્રીજથી વૈશાખી લગ્નનો પ્રારંભ થાય છે,અને જે કોઈના ગ્રહ નક્ષત્ર મુજબ જન્માક્ષરનો મેળ ન પડતો હોય એ યુવક યુવતીનાં આ દિવસે લગ્ન કરાવવાથી નક્ષત્ર દોષ સમાપ્ત થાય છે. હિન્દુ પ્રજા ઉત્સવ પ્રિય છે, એટલે કયા તહેવાર એ શું કરવું તેની આખી રૂપરેખા આપણે ત્યાં આપણા ઋષિઓએ નક્કી કરેલી છે

અક્ષયતૃતીયાને દિવસે દાન ધર્મનો ખૂબ જ મહિમા છે, આપણી પ્રણાલીમાં દાનને આ રીતે જોડી દેવામાં આવે છે, જેથી અસમાનતાનો ગ્રાફ થોડો ઘણો સમ થઈ શકે. સાધન સંપન્ન લોકો સોના જેવી પવિત્ર ધાતુની ખરીદી પણ આ દિવસે કરે છે. આરાધનામાં સફેદ કલરનાં સાધનથી વિષ્ણુની પૂજા થાય છે,લાલ રંગના પુષ્પથી લક્ષ્મીની પૂજા થાય છે, અને આ ઉપરાંત કુબેરની પણ સ્થાપન કરી, તેની પણ પૂજા કરવામાં આવે છે. વિષ્ણુને પ્રસાદ તરીકે સફેદ વસ્તુનો ભોગ ધરવામાં આવે છે, આ થઈ તેની વૈદિક પરંપરા.

અક્ષયનો સીધો સાદો અર્થ કરીએ તો જેનો ક્યારેય ક્ષય નથી, એટલે કે ચિરંજીવી છે, અને તેથી જ આ તિથીને ચિરંજીવી તિથિ પણ કહેવામાં આવે છે, અને આઠ ચિરંજીવી પૈકીનાં એક એવાં ભગવાન પરશુરામ જન્મજયંતિ પણ છે. આ દિવસે દાન ધર્મનો એટલાં માટે મહત્વ છે કે, આ દિવસે કરાયેલું દાન એ અતિ ઉત્તમ સાબિત થાય છે, અને તેનું પુણ્ય ક્યારેય ક્ષય થતું નથી. એટલે કે પાપ પુણ્યનું સરવૈયું નીકળે ત્યારે આ પુણ્ય એમનેમ રહે છે, અને જન્મોજન્મ સાથે ચાલે છે, એટલે આપણે ત્યાં આ દિવસે દાન કરવાનો મહિમા છે. આ દિવસે ગંગા સ્નાનનો પણ મહિમા છે, પરંતુ સાંપ્રત સમયમાં એ શક્ય નથી માટે, ગંગામાં સ્નાન કરતાં હોઈએ એ રીતે સ્નાન કરીને તન મન પવિત્ર કરી આ વ્રતની ઉપાસના કરવી. પાપ-પુણ્યની કદાચ જીવની માનસિકતા નથી, પરંતુ દાન ચોક્કસ થવું જોઈએ, અને એ ભાવમાં ક્યારેક ક્ષય ન આવે એ માટે થઈને આપણે અક્ષય તૃતીયા એ પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ.

ભાવનગર વાસીઓ માટે તો અક્ષય તૃતીયાને દિવસે બેવડા આનંદની વાત છે. એટલે કે આજે ભાવનગરનો જન્મદિવસ છે, પોતાનું વતન તો સૌ કોઈને પ્યારું હોય જ! ભાવનગરની ઘણી બધી વિશેષતાઓ છે, અને કલા તથા વિદ્યાનું ધામ પણ કહેવાય છે. વિધવિધ કલાને અહીં રાજા મહારાજાઓના વખતથી માન સન્માન આપવામાં આવતું, એ પ્રથા હજી ભાવનગર વાસીઓ એ જાળવી રાખી છે. પરંતુ ભાવને જ્યાં પ્રાધાન્ય આપવામાં આવે છે, એવી નગરી એટલે કે ભાવનગર, એવું ચોક્કસ કહી શકાય. દરેક જગ્યાએ સમાજમાં વિકૃતિ હોય છે, એમ અહીં પણ હશે. પરંતુ અપવાદ ક્યારેય સિદ્ધાંત ન બની શકે, એટલે એક સામાન્ય સર્વેક્ષણ મુજબ ભાવનગરની પ્રજાને લાગણીશીલ કહી શકાય.

સુવર્ણને આપણે ત્યાં શુદ્ધ અને પવિત્ર ધાતુ માનવામાં આવી છે, અને તેના ચળકાટ જેવું આપણું ચરિત્ર બને, એ માટે થઈને સુવર્ણની આપણે ત્યાં આ દિવસે તેની ખરીદીનો વિશેષ મહિમા ગવાયો છે, પણ હવે તો અક્ષય તૃતીયા એ જાણે સોનું ખરીદવું એ જ તહેવારનું મહાત્મ્ય હોય એમ બધાં દાન ધર્મ ભૂલી સોનું ખરીદે છે. આ ઉપરાંત ધન ઐશ્વર્યને કુબેરના ખજાના સાથે પણ સરખાવ્યું છે, તો વિષ્ણુ લક્ષ્મી ઉપરાંત આ દિવસે કુબેરની પણ સ્થાપના કરીને પૂજા કરવામાં આવે છે. એટલે સાધન સંપન્ન લોકો સોનાની ખરીદી કરતા હોય છે. પરંતુ સોનુ ખરીદવા જેટલી દરેકની હેસિયત ન હોય, તો તેમણે લક્ષ્મીને પ્રસન્ન કરવા માટે દાનનો હાથવગો ઉપાય અજમાવવો જોઈએ, લક્ષ્મીનો નિયમ છે કે, તેનો વિનિમય થતો હોય, એટલે કે તેનો ઉપયોગ થતો હોય, આવનજાવન થતી હોય, એના ઘરમાં તે નિવાસ કરે છે. લક્ષ્મીજીની પાછળ વિષ્ણુ અને કુબેર પણ આવે છે.

સદગુરુ ક્યારેય કૃપા વરસાવવામાં ચૂક ન કરે,અને એવી પાત્રતા જીવની કાયમ બની રહે! જેથી અક્ષય તૃતિયા એ સત્ય પ્રેમ અને કરુણાનાં ક્યારેય ક્ષય ન પામે તેવાં ભાવને પ્રાપ્ત કરવાની જીવ કોશિશ કરે, અને સુવર્ણ જેવું ચમકતું ચરિત્ર બનાવી, ચરિત્રની રીતે ભગવાન પરશુરામની જેમ ચિરંજીવ બને. સમય છડી પોકારી રહ્યો છે કે, સતયુગ આવી રહ્યો છે!! સતયુગ આવી રહ્યો છે!! આકાશમાંથી પણ એવા જ ભાવ વધારનાર શબ્દની વૃષ્ટિ થઈ રહી છે, તો એ વાણી સાંભળી અને એ સત્ય સિદ્ધ કરવાં સંકલિત અને સંકલ્પિત થઈએ. સમગ્ર વિશ્વ આજે આ શુદ્ધ ભાવમાં જીવે,અને એના આવા શુદ્ધ ભાવમાં ક્યારેય ક્ષય થાય નહીં એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વરને કરીએ. જય હિન્દ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

કાળનું તેડુ ક્યારે ક્યાં કેવી રીતે આવી જાય તેની ખબર પડતી નથી કાળા માથાના માનવીને

# બહારગામ જવાનું કહી ખેડૂતે ઝેર ગટગટાવ્યું

## મિત્રને ફોન કરી કહ્યું-મને દવાખાને ન લઇ જતાં: સારવારમાં તોડી દીધો દમ: બીજી ઘટનામાં બહેનના ઘરે જવા નીકળેલા જંગલેશ્વરના વૃધ્ધાનું એસટી બસની ઠોકરે મોત: ભાઇના ઘરે આવેલા રાજસ્થાનના અઢાર વર્ષના યુવાનનું અને ભત્રીજાના ઘરે આવેલા સાણંદના વૃધ્ધાનું બેભાન હાલતમાં થયુ મૃત્યુ

રાજકોટ,તા.૧૮

અપમૃત્યુ આપઘાતની ઘટનાઓનો સીલસીલો યથાવત રહ્યો છે. એક યુવાને આધેડે પોતાના ઘરેથી બાજુના ગામે જઇ રહ્યા છે તેમ કહીને નીકળ્યા બાદ પોતાની વાડીએ પહોંચી જઇ ઝેરી દવા પી લીધી હતી. એ પછી મિત્રને ફોન કરી પોતે ઝેર પી ગયા છે અને દવાખાને ન લઇ જતાં તેવી વાત કરતાં મિત્ર, પરિવારજનો વાડીએ દોડી ગયા હતા અને તુરત સારવાર માટે ખસેડ્યા હતા. પરંતુ તેમનું મોત થઇ ગયું હતું. તેમણે આપઘાત શા માટે કર્યો તેનું કારણ અકળ રહ્યું છે. બીજા બનાવમાં બહેનના ઘરે બેસવા જઇ રહેલા જંગલેશ્વરના વૃધ્ધા માટે પારેવડી ચોકમાં એસટી બસ કાળ બની ગઇ હતી. ત્રીજા એક બનાવમાં અઢાર વર્ષના યુવાનનું મોટા ભાઇના ઘરે બેભાન થઇ ગયા બાદ મોત થયું છે. તે રાજસ્થાનથી ભાઇના ઘરે આટો મારવા આવ્યો હતો અને અહિ જિંદગીની સફરનો અંત આવી ગયો હતો. ચોથી ઘટનામાં પણ ભત્રીજાના ઘરે આટો દેવા આવેલા વૃધ્ધાનું હૃદય બેસી જવાથી મોત થયું હતું.



પ્રથમ બનાવ પર નજર કરીએ તો જસદણના સાણથલી ગામે રહેતાં આધેડએ પોતે ગોંડલ કામ માટે જઇ રહ્યા છે તેમ કહીને ઘરેથી નીકળ્યા બાદ પોતાની વાડીએ જઇ ઝેર પી લેતાં સારવારમાં મોત થયું છે. ઝેર પીધા બાદ મિત્રને ફોન કરીને કહ્યું હતું કે હું દવા પી ગયો છું, મને હવે દવાખાને લઇ જતાં નહિ. ઘટનાની જાણ થતાં પરિવારજનો વાડીએ પહોંચ્યા હતાં અને સારવાર માટે રાજકોટ ખસેડ્યા હતાં. પરંતુ સારવાર કારગત નીવડી નહોતી. વધુ માહિતી અનુસાર સાણથલીમાં બસ સ્ટેશન પાસે રહેતાં પિસ્તાલીસ વર્ષના ગીરીશભાઇ પરષોત્તમભાઇ પણસાડા નામના આધેડે સવારે અગીયારેક વાગ્યે ગામમાં જ આવેલી પોતાની વાડીએ ઝેરી દવા પી લેતાં જસદણ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આટકોટ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનારા ગીરીશભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં નાના હતાં. અગાઉ તેમના છુટાછેડા થઇ ગયા હતાં. તે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. સગાના કહેવા મુજબ ગઇકાલે ગીરીશભાઇ પોતે કામ માટે ગોંડલ જાય છે તેમ કહીને ઘરેથી સવારે નીકળ્યા હતાં. બાદમાં તેણે પોતાના મિત્રને ફોન કરી પોતે વાડીએ દવા પી ગયા છે અને હવે દવાખાને લઇ જતાં નહિ તેવી વાત કરતાં મિત્રએ અમને પરિવારજનોને જાણ કરતાં અમે તત્કાળ વાડીએ પહોંચી તેમને સારવાર માટે ખસેડ્યા હતાં. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પોલીસે કારણ જાણવા તપાસ યથાવત રાખી હતી.

બીજી ઘટના જોઇએ તો પારેવડી ચોકમાં રસ્તો પસાર કરી રહેલા જંગલેશ્વરમાં રહેતાં સિત્તેર વર્ષના વૃધ્ધા હલુબેન અબ્દુલભાઇ ચાવડા એસટી બસની ઠોકરે ચડી જતા ગંભીર ઇજા થતાં મોત થયું છે. આ વૃધ્ધા પોતાના મોચી બજારમાં પોતાના બહેનના ઘરે જવા નીકળ્યા ત્યારે આ બનાવ બન્યો હતો. જંગલેશ્વર હુશેની ચોક શેરી નં. ૨માં શાહબાઝ પાનવાળી શેરીમાં રહેતાં હલુબેન ચાવડા ગઇકાલે ઘરેથી મોચી બજારમાં રહેતાં બહેન રોશનબેનના ઘરે જવા નીકળ્યા ત્યારે પારેવડી ચોકમાં રસ્તો ઓળંગતા હતાં ત્યારે એસટી બસની ઠોકરે ચડી જતાં બસની જમણી બાજુના પાછળના ટાયર નીચે આવી જતાં બંને પગમાં ગંભીર ઇજાઓ થઇ હતી. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

અહિથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરતી વખતે ગ્રીનલેન્ડ ચોકડી પાસે જ હલુબેન બેભાન થઇ જતાં ફરી સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર હલુબેનને સંતાનમાં ત્રણ દિકરા અને એક દિકરી છે. પોતે દિલાવરભાઇ ચાવડા સાથે રહેતાં હતા. બી-ડિવીઝન એએસઆઇ કે. વી. ગોહિલે દિવાલરભાઇની ફરિયાદ પરથી બસના ચાલક રણજીતસિંહ વાઘેલા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. અકસ્માત સર્જાયો ત્યારે એસટી બસના આ ડ્રાઇવરે વૃધ્ધા પાસે આવી પોતાનું નામ જણાવ્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ત્રીજા બનાવમાં ધ્રોલના લૈયારામાં રહી કુવા ગાળવાની મજૂરી કરતાં રાજસ્થાનના કિશનભાઇ ભીલના ઘરે થોડા દિવસ પહેલા રાજસ્થાનથી તેનો નાનો ભાઇ અઢાર વર્ષનો સુખદેવ રામચંદ્ર ભીલ આટો મારવા આવ્યો હોઇ ગત રાતે સુખદેવ બેભાન થઇ જતાં ધ્રોલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું તબિબે જાહેર કરતાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધ્રોલ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સુખદેવ બે બહેન અને આઠ ભાઇમાં નાનો હતો અને છુટક મજૂરી કરતો હતો. કિશનભાઇએ કહ્યું હતું કે નાનો ભાઇ સુખદેવ ફરવા અને આટો મારવા લૈયારા ગામે મારા ઘરે આવ્યો હતો. તેને હૃદયની અગાઉની બિમારી હતી. કદાચ તેના કારણે મૃત્યુ થયું હશે. મોતનું કારણ જાણવા ધ્રોલ પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

અપમૃત્યુની ચોથી ઘટના જોઇએ તો રઅમદાવાદના સાણંદમાં રહેતાં છોંતેર વર્ષના લીલાબેન નટુભાઇ સોલંકી નામના વૃધ્ધા મોરબીમાં વાલ્મિકીવાસમાં રહેતાં ભત્રીજા ભરતભાઇના ઘરે આટો દેવા આવ્યા હોઇ અહિ બેભાન થઇ જતાં બે અલગ અલગ ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.લીલાબેનને સંતાનમાં બે દિકરા છે. પોતે કેટલાક દિવસ પહેલા મોરબી ભત્રીજાના ઘરે આવ્યા હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. આમ ચાર અલગ અલગ ઘટનાઓમાં ચાર પરિવારોએ પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દેતાં કલ્પાંત સર્જાયો હતો.

# ભેળસેળિયા ૪૦૦ લીટર દૂધ સાથે બે ડેરી સંચાલકો ઝડપાયા

## રૂરલ SOG ધોરાજીના ઝાંઝમેર ગામે ત્રાટકતા ચકચાર : શંકાસ્પદ દૂધના નમુના લઈને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલાયા





રાજકોટ, તા.૧૮

ધોરાજી પંથકમાં ભેળસેળિયા દૂધનો મોટો કારોબાર ચલાવાતો હોવાની ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને બાતમી મળી હતી. દરમિયાન પોલીસે બાતમીવાળી જગ્યાએ ડેરી પર પહોચી તપાસ કરતા ત્યાંથી ૪૦૦ લીટર શંકાસ્પદ દૂધ ભેળસેળ યુક્ત મળતા, સેમ્પલ લઈને, ડેરી ચલાવતા બે સંચાલકો રાજુ ઉર્ફે રાહુલ દુદાભાઈ કસોટીયા અને સાગર દુદાભાઈ કસોટીયા સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટ રેન્જના આઈજી નિર્લિપ્ત રાય અને પોલીસ અધીક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા ખાદ્યચીજોમાં ભેળસેળ કરનારા તત્વો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. એસઓજીની ટીમમેં ધોરાજીના ઝાંઝમેર ગામે આવેલી પદ્વારકાધીશ દૂધની ડેરીમાં ભેળસેળયુક્ત દૂધ તૈયાર કરવામાં આવતું હોવાની ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે એસઓજીએ દરોડો પાડયો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે ડેરીના સંચાલકો ગ્રામ્ય વિસ્તારમાંથી દૂધ એકઠું કરતા હતા અને ત્યારબાદ વધુ નફો કમાવવાના આશયથી દૂધની માત્રા અને ફેટ વધારવા માટે તેમાં વિવિધ પદાર્થોની ભેળસેળ કરી કૃત્રિમ કે બનાવટી દૂધ તૈયાર કરતા હતા. કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી આશરે ૪૦૦ લીટર શંકાસ્પદ દૂધ મળી આવ્યું હતું. આરોગ્યની ગંભીરતાને ધ્યાને રાખીને, પોલીસે તાત્કાલિક ફૂડ સેફ્ટી ઓફિસરને જાણ કરી હતી. ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા દૂધના નમૂનાઓ પૃથ્થકરણ માટે નમુના લેવામાં આવ્યા છે અને તેને લેબોરેટરી ટેસ્ટ કરાવવામાં આવ્યો છે. જેથી તેમાં કયા પ્રકારની ભેળસેળ કરવામાં આવતી હતી તે સ્પષ્ટ થઈ શકે. સમગ્ર કૌભાંડમાં ડેરીના બે સંચાલકોની સંડોવણી સામે આવી છે. ઝાંઝમેર ગામના રાજુ ઉર્ફે રાહુલ દુદાભાઈ કસોટીયા અને સાગરભાઈ દુદાભાઈ કસોટીયા સામે પોલીસે કાર્યવાહી કરી છે. ગ્રામ્ય પોલીસની આ કામગીરીથી ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા આવા અસામાજિક તત્વો સામે આગામી સમયમાં પણ પોલીસ દ્વારા ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે એસઓજીના પી.આઈ એફ.એ. પારગી સાથે પીએસઆઈ ઝાલા, મિશ્રા, એએસઆઈ શામળા અને બ્લોચ પોલીસ કોન્સ્ટેબલ કોઠીવાર, ત્રકટા, કોઠીવાર અને નિર્મળસિંહ ચુડાસમાએ કામગીરી કરી હતી.

# ત્રીસ હજાર પોલીસ સ્ટેશન વચ્ચે ગુજરાતમાં ૫૦ હજાર પોલિંગ બૂથ

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને પોલીસ સતર્ક : રાજ્યો અને જિલ્લાની સરહદો ઉપર નાકાબાંધી વધારી કડક ચેકિંગ શરુ

રાજકોટ, તા.૧૮

ગુજરાતમાં આગામી ૨૬ એપ્રિલે યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને ગુજરાત પોલીસ દ્વારા તૈયારી તેજ કરી દેવામાં આવી છે. ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને શાંતિપુર્ણ માહોલમાં મતદાન પ્રકિયા પૂર્ણ થાય તે હેતુથી રાજયના ૩૦ હજાર પોલિંગ સ્ટેશનો ઉપર પોલીસ બંદોબસ્ત માટે તૈનાત રહેશે. ચૂંટણી સુધી પોલીસ તંત્ર એલર્ટ પર રહેવા રાજયના પોલીસ વડા ડો.કે.એન.એલ. રાવ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે.



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને કાયદો વ્યવસ્થા ની સુરક્ષા વ્યવસ્થાઓ ચુસ્ત બનાવી દેવામાં આવી છે. પારદર્શક અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે રાજ્ય પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે એલર્ટ મોડમાં આવી ગયું છે. રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવે જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં અંદાજે ૩૦ હજાર પોલિંગ સ્ટેશનો અને ૫૦ હજાર પોલિંગ બુથ પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ બુથ પર ખાસ નજર રાખવામાં આવશે તેમજ વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે.

રાવે વધુમાં જણાવ્યું કે, ૨૬ તારીખે યોજાનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને આંતરરાજ્ય સીમાઓ પર ચેકપોસ્ટ ઉભા કરવામાં આવ્યા છે. આ સાથે જ વાહન ચેકિંગ, દારૂબંધીના કડક અમલ તેમજ તડીપાર આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. બિનજામીનપાત્ર વોરંટ ધરાવતા આરોપીઓને ઝડપી લેવા માટે પણ વિશેષ અભિયાન ચાલી રહ્યું છે.

મતદારો નિર્ભય અને સ્વતંત્ર રીતે મતદાન કરી શકે તે રાજ્ય પોલીસની પ્રથમ પ્રાથમિક્તા હોવાનું જણાવતા ડીજીપી રાવે કહ્યું કે, શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણી માટે પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે.

ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે અને ક્વિક રિસ્પોન્સ ટીમો (ચઇ્ઝ)ને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. આચારસંહિતાના અમલ બાદથી જ આ તમામ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉપરાંત, પરવાનગી ધરાવતા હથિયારો પણ જમા કરાવવા માટે કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.

# દેશી પિસ્તોલ સાથે શાપર(વેરાવળ)નો શખ્સ ઝડપાયો

## બીલીયાળાના પાટીયા પાસે, ઓવરબ્રિજ નીચેથી વિજય બાંભણીયાને દબોચતી રૂરલ SOG

રાજકોટ, તા.૧૮

ગોંડલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી રૂરલ એસઓજીએ શાપર વેરાવળના વિજય જીતેન્દ્ર બાંભણીયાને, બીલીયાળા ગામના પાટીયા પાસે, ઓવરબ્રિજ નીચેથી દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી લીધો છે. પ્રાપ્ત વિગતો મુજબ રૂરલ એસઓજીના પીઆઈ એફ.એ.પારગી, જી.જે.ઝાલા, પીએસઆઈ પી.બી. મિશ્રા, એ.એસ.આઇ. રૂપકભાઇ બહોરા, વિપુલભાઇ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ પુથ્વિરાજસિંહ ડોડિયા સહિતની ટીમ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હતી. ત્યારે એ.એસ.આઇ. રૂપકભાઇ બોહરાને બીલીયાળા ગામના પાટિયા પાસે, ઓવરબ્રીજ નીચે એક શખ્સ, ગેરકાયદે, નેફામાં પિસ્તોલ લટકાવી આંટાફેરા કરતો હોવાની બાતમી મળી હતી.



દરમિયાન સ્પેશીયલ ઓપરેશન ગ્રુપની ટીમે બાતમીવાળી જગ્યાએ પહોચી તપાસ કરતા એક શખ્સ પિસ્તોલ સાથે ઝડપાઈ ગયો હતો. પૂછપરછ દરમિયાન પકડાયેલા શખ્સે તેમનું નામ શાપર(વેરાવળ)નો વિજય જીતેન્દ્ર બાંભણીયા હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેમની પાસેની ૫ હજારની દેશી બનાવટની પિસ્તોલ કબજે કરી છે. પોલીસે જણાવ્યું હતું કે, વિજય અગાઉ બેવાર આજીડેમ પોલીસ અને બે વાર શાપર વેરાવળ પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. તેમની સામે ગોંડલ તાલુકા પોલીસમાં આર્મ્સ એક્ટની કલમો અન્વયે ગુનો નોંધાવાયો છે. તેમણે પિસ્તોલ કોની પાસેથી મેળવી ? ક્યાંથી લાવ્યો? શું કામ નેફામાં લટકાવી રખડતો હતો ? વિગેરે વાત કઢાવવા તેમને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જ, રાજકોટના માર્ગદર્શન મુજબ પોલીસ અધીક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા આગામી સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી સુમેળ અને શાંતીમય વાતાવરણમાં યોજાય તે માટે ગુનાહીત પ્રવુતી સાથે સંકળાયેલા તત્વો તેમજ ગેરકાયદેસર રીતે હથીયાર રાખતા

તત્વોને પકડી પાડવાની આપેલી સુચના અન્વયે એસઓજીની ટીમ તપાસમાં હતી તે દરમિયાન વિજય પકડાઈ ગયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

૨૦થી વધુ ચોરીમાં પોલીસ ચોપડે ચડી ચુકેલા પદીયો સુરત અને જગો વડોદરા જેલભેગો

# તસ્કર બેલડી ધકેલાઈ પાસામાં

રાજકોટ, તા.૧૮

ઘરફોડ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલા રીઢા ગુનેગારો સામે શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પાસાની કડક કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ કમિશનરના આદેશ અનુસાર બે રીઢા તસ્કરો સામે પાસા હેઠળ વોરંટ ઈશ્યુ કરી સુરત અને વડોદરા જેલભેગા કરવામાં આવ્યા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ અન્વયે આદર્શ આચાર સંહિતાના પાલન અને મતદારોની સુરક્ષા માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચના હેઠળ હિસ્ટ્રીશીટર અને મિલકત સબંધી ગુના આચરતા શખ્સો વિરુદ્ધ અટકાયતી પગલાં લેવાના ભાગરૂપે આ કામગીરી કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોંડલ ચોકડી પાસે રહેતા પ્રદિપ ઉર્ફે પદીયો કાળુભાઈ પઢારીયા કે જેની સામે અગાઉ ૨૦ જેટલી ઘરફોડ ચોરી સહિતના ૨૩ ગુના નોંધાયેલા છે. તેને સુરત જેલમાં ધકેલી દેવાયો છે.

જયારે કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારનો રહેવાસી જગદીશ ઉર્ફે જગો ગુણવંતભાઈ નિમાવત જેની સામે પણ ચોરી અને દારૂબંધીના અનેક ગુનાઓ નોંધાયેલા છે. તેને વડોદરા જેલ ખાતે મોકલવામાં આવ્યો છે. આ બંને આરોપીઓ વારંવાર ચોરીના બનાવમાં પોલીસ ધરપકડ બાદ પણ ગુનાહિત પ્રવૃત્તિઓ છોડતા ન હોવાથી તેમની સામે પાસાનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે. પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, ઇન્ચાર્જ અધિક પોલીસ કમિશ્નર હરપાલસિંહ જાડેજા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બી.બસીયાની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ એમ. આર.ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ.જાદવ તથા પીએસઆઈ ડી.પી.ઝાલા અને એ.એસ.આઇ. ભરતભાઈ વનાણી, ઘનશ્યામભાઈ મેણીયા, મનિષભાઈ ચાવડા, અશ્વિનભાઈ પંપાણીયા, કલ્પેશભાઈ ચાવડા પી.સી.બી.ના એ.એસ.આઈ રાજુભાઈ દહેકવાલ, ઈન્દ્રજીતસિંહ સીસોદીયા દ્વારા કામગીરી કરવામા આવી હતી.



### તસ્કરોએ ફરી ઉપાડો લીધોઃ બંધ મકાનમાં પાડી દીધા પગલા

# બોમ્બે હાઉસીંગમાથી ૮ા લાખની ચોરી

## ઘરધણી વિશ્વરાજસિંહ રાણા હાલ અમદાવાદ રહે છેઃ પખવાડીએ રાજકોટના ઘરે આટો મારે છેઃ આ વખતે આવ્યા ત્યારે ચોરીની જાણ થઈઃ ભેદ ઉકેલવા ટીમો કામે લાગી

રાજકોટ,તા.૧૮

શહેરમાં ચોરીની વધુ એક ઘટનાને પગલે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઇ છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશન હેઠળ વિસ્તારની બોમ્બે હાઉસીંગ સોસાયટીમાં તસ્કરો બંધ મકાનને નિશાન બનાવી ચાંદી, સોનાના દાગીના, રોકડ સહિત મળી સવા આઠ લાખની માલમત્તા ચોરી જતાં પોલીસની ટીમો ભેદ ઉકેલવા કામે લાગી છે. આ ઘરના માલિક યુવાન હાલ ગાંધીનગર નોકરી કરતાં હોઇ જેથી પરિવારજનો સાથે અમદાવાદ રહે છે. પંદર વીસ દિવસે રાજકોટના મકાને આટો મારવા આવે છે. આ વખતે તેઓ ઘરે આવ્યા ત્યારે ચોરી થઇ ગયાની જાણ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં વધુ એક બંધ મકાનને તસ્કરો નિશાન બનાવી લાખોની માલમત્તા ઉસેડી ગયા છે. મુળ રાજકોટના અને હાલ અમદાવાદ રહી ગાંધીનગર ગીફ્ટ સીટીમાં નોકરી કરતાં યુવાનનું રાજકોટ યુનિવર્સિટી રોડ બોમ્બે હાઉસીંગ સોસાયટીનું મકાન બંધ રહેતું હોઇ તેના તાળા તોડી તસ્કરો ૭ લાખથી વધુના ચાંદીના દાગીના, સોનાના દાગીના, રોકડા તેમજ ચશ્મા, ઘડીયાળો સહિત મળી ૮.૩૨ લાખની માલમત્તા ચોરી ગયા છે. આ બારામાં યુનિવર્સિટી પોલીસે આ બનાવમાં બોમ્બે હાઉસીંગ સોસાયટી નવદુર્ગા હોલની પાસે જી. કે. ધોળકીયા સ્કૂલની સામે શેરી નં. ૧/૫૫ના ખુણે રહેતાં મુળ અમદાવાદ આરાધના સોસાયટી બોપલના વિશ્વરાજસિંહ યોગેન્દ્રસિંહ રાણા નામના ત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ચોરીનો ગુનો દાખલ કર્યો છે. વિશ્વરાજસિંહ રાણા પવિરાર સાથે રહે છે. રાજકોટ ખાતે તેમનું જુનુ મકાન હોઇ ત્યાં પંદરેક દિવસે અમદાવાદથી આટો મારવા આવે છે. હાલ તેઓ ગાંધીનગરમાં ગીફ્ટ સીટી ખાતે ટાવર-૧માં જોબ કરે છે. પત્નિ, માતા તેમની સાથે રહે છે. પિતા હયાત નથી. વિશ્વરાજસિંહે જણાવ્યું હતું કે તા. ૨૧/૩/૨૬ના રોજ હું રાજકોટ ખાતેના ઘરે મારા માતા જ્યોત્સનાબા સાથે અમદાવાદથી આવ્યો હતો. ૨૨મીએ નોકરી ચાલુ હોઇ હું ફરીથી ગાંધીનગર જવા નીકળ્યો હતો. મારા માતા પણ મારી સાથે હતાં. અમે ત્યારે ઘરના દરવાજાઓને તાળા લગાવ્યા હતાં. એ દિવસે સાંજે ચારેક વાગ્યે અમે રાજકોટથી નીકળ્યા હતાં. ત્યારથી મારુ આ ઘર બંધ



હતું. દરમિયાન ૧૬મીએ ગુરૂવારે ફરીથી હું રાજકોટ મારા ઘરે આવ્યો ત્યારે રાતે નવેક વાગ્યા હતાં. ડેલીએ તાળુ લગાવેલુ હતું તે મેં ચાવીથી ખોલ્યું હતું અને અંદર જતાં મેઇન દરવાજા પાસે બે ડોર હોઇ તેમાંથી પ્રથમ સેફ્ટી ડોરનો પરદો હટાવતાં તેનું તાળુ જોવા મળ્યું નહોતું અને નકુચો તૂટેલી હાલતમાં હતો.

તેમજ સેફ્ટી દરવાજો બહારની તરફ ખુલતો હોઇ જે ખોલીને બીજો મેઇન દરવાજો જોતાં તેનો આંકડીયો પણ તૂટેલો દેખાયો હતો અને લોક પણ તૂટેલુ હતું. એ પછી ઘરમાં જઇ તપાસ કરતાં કબાટના ખાનાઓ ખુલ્લા અને બધો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. વધુ તપાસ કરતાં એક કબાટમાં રાખેલી ચાંદીની ટ્રે જે એક કિલો વજનની હતી તે ગાયબ હતી. બીજા માળે જોતાં મંદિર અને પૂજારૂમનો કબાટ ખુલ્લો જોવા મળ્યો હતો. તેમાં પણ બધુ વેરવિખેર હતું. એક રૂમનું તાળુ મારેલુ હતુ તે પણ તોડી નખાયુ હતું. માતાના લોખંડના કબાટને પણ તોડી નખાયો હતો. તેના બે લોકર પણ તૂટેલા હતાં. જેમાં ચેક કરતાં ચાંદીનો ગરબો દોઢ કીલો વજનનો, ચાંદીનો કળશ આઠસો ગ્રામ વજનનો, ચાંદીની મુઠ અને ચાંદીની મ્યાન ધરાવતી તલવાર આશરે બે કિલો વજનની અને ચાંદીનું મ્યાન ચાંદીની મુઠ ધરાવતી એક કટાર આશરે ૮૦૦ ગ્રામની ગાયબ હતાં.

તેમજ ચોરટાઓ ચાંદીના ૩૦૦ ગ્રામ વજનના ૬ ગ્લાસ, રાણી છાપ ચાંદીના ૨૦ નંગ સિક્કાક આશરે ૧૦૦ ગ્રામના, ચાંદીના દિવા ૪ નંગ આશરે ૨૦૦ ગ્રામના, ચાંદીની સોપારી ૪ નંગ આશરે ૨૦૦ ગ્રામ, ચાંદીની નોટ ૪ નંગ આશરે ૧૦ ગ્રામની, ચાંદીની કંકાવટી ૧૫૦ ગ્રામની, ચાંદીની રાધાકૃષ્ણની મુર્તિ આશરે ૫૦ ગ્રામ વજનની તેમજ ચાંદીનો સિક્કો, સોનાની બુટી બે નંગ આશરે પાંચ ગ્રામની, એક સોની કંપનીનો કેમેરો ૮ હજારનો, બે કાંડા ઘડીયાળ રૂા. ૧૦ હજારની, રેબેનના ચશ્મા ૪ નંગ રૂા. ૧૦ હજારના, તાંબાની ગોળી રૂા. ૨ હજારની, રોકડા રૂા. ૬૦ હજાર ગાયબ હતાં. તસ્કરો રૂા. ૭,૧૨,૦૦૦ના ૭૧૨૦ ગ્રામ ચાંદીના દાગીના, સોનાના ૩૦ હજારના દાગીના, ઘડીયાળ, ચશ્મા, તાંબાની ગોળી મળી કુલ રૂા. ૮,૩૨,૦૦૦ની માલમત્તા ચોરી ગયા હતાં. તેમ વધુમાં વિશ્વરાજસિંહે જણાવતાં પોલીસ ઇન્સપેકટર સી. એન. દવેના માર્ગદર્શનમાં એએસઆઇ મુકેશભાઇ ચરમટાએ ગુનો નોંધતા ડી. સ્ટાફની ટીમે તપાસ શરૂ કરી છે. ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંતર્ગત એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર. એચ. ઝાલા અને ટીમે પણ ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### મિત્રતા-લવલફરાની જાળમાં ફસાવી વધુ એક બાળાની જિંદગી બગાડાઇ

# સગીરાને વિધર્મીએ ફસાવીઃ નવ શખ્સોની હવસખોરી

## જેને પ્રેમી સમજતી હતી તેણે જ પોતાના બીજા મિત્રોને હવાલે કરીઃ વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ ત્રણ વર્ષ સુધી દેહ પીંખ્યોઃ પોલીસ સુધી ઘટના પહોંચતા તુરંત કાર્યવાહીઃ આઠ હવસખોરોની ધરપકડ

રાજકોટ,તા.૧૮

સગીરાઓને યુવતિઓને ફસાવીને દૂષ્કર્મ આચરવાના કિસ્સા રોજીંદા છે. આવી અનેક ઘટનાઓ સામે આવી છે. વધુ એક ચોંકાવનારી ખળભળાટ મચાવનારી ઘટના બની છે. જેમાં લવજેહાદ જેવુ થયું છે. સગીરાને ત્રણ વર્ષથી એક વિધર્મીએ ફસાવી હતી. આ સગીરા સાથે આ વિધર્મીએ તો બળાત્કાર ગુજાર્યો જ હતો. સાથે સાથે બીજા આઠ શખ્સોએ પણ તેણીને અવાર-નવાર દેહ પીંખ્યો હોવાનું ખુલ્યું છે. સામુહિક દૂષ્કર્મનો આ મામલો સામે આવતાં પોલીસ પણ ચોંકી ગઇ છે અને તત્કાળ કાર્યવાહી કરી આઠ હવસખોરોને પકડી લીધા છે. વિડીયો ઉતારી લઇ વાયરલ કરવાની ધમકી દઇ સામુહિક દૂષ્કર્મ આચરાયુ હોવાની વિગતો સામે આવી છે.

પોલીસ સુત્રો મારફત મળેલી માહિતી અનુસાર આ ઘટના ખેડામાં



બની છે. જો કે આવી ઘટનાઓ રાજ્યભરમાં કોઇપણ ગામ કે શહેરમાં બનતી રહે છે. ખેડામાં એક સગીરાને ત્રણ વર્ષથી વિધર્મીએ પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. તે વારંવાર તેણી સાથે દૂષ્કર્મ આચરતો હતો. લવજેહાદમાં સગીરાને ફસાવીને આ શખ્સ ઉપરાંત બીજા આઠ શખ્સોઅ સામુહિક દુષ્કર્મ આચરી લીધુ હતું. આરોપીએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી અને પછી ફોટો-વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી બ્લેકમેલિંગ ચાલુ કર્યુ હતું. આ શખ્સે પોતાના બીજા મિત્રોને હવાલે પણ સગીરાને કરી હતી. આ રીતે એક એક કરી આઠ જણાએ તેણીનો દેહ પીંખ્યો હતો. સમગ્ર મામલે ખેડા ટાઉન પોલીસે બીએનએસ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધીને આઠ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરામાં આવી છે.

વધુ માહિતી અનુસાર પરવેઝ પઠાણ નામના મુખ્ય આરોપીએ બે વર્ષ પહેલા સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. આ દરમિયાન પરવેઝે સગીરા સાથે શારીરિક સંબંધ બાંધીને વાંધાજનક ફોટો-વીડિયો ઉતાર્યા બાદ બ્લેકમેલિંગ કરવાનું શરૂ કર્યું હતું. આરોપી પરવેઝે સગીરાના વાંધાજનક ફોટો-વીડિયો તેના મિત્રોને બતાવ્યા હતા. આ પછી આઠ મિત્રોએ પણ સગીરાને વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાની ધમકી આપતા અને પરિવારને જાણ કરશે તે જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા.

આ રીતે ત્રણ વર્ષ સુધી નરાધમોએ સગીરાને ડરાવી-ધમકાવીને તેનું પર શોષણ કરવામાં આવ્યું હતું. જો કે અંતે સગીરાએ હિંમત દાખવીને તેના પરિવારને જાણ કરતાં ખેડા ટાઉન પોલીસમાં ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટ હેઠળ મુખ્ય સુત્રધાર પરવેઝ પઠાણ, માહિર, ફૈઝાન, સાહીલ, તૌફીક સહિત કુલ નવ આરોપી સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. સમગ્ર મામલે પોલીસે આઠ નરાધમોની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. સગીરાઓને છાત્રાઓને અને ઘણીવાર યુવતિઓને આવા લેભાગુઓ સોશિયલ મિડીયાથી કે પછી સતત પીછો કરીને આંબા આંબલી બતાવી મિત્રતાની અને પ્રેમની જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ફસાવતાં હોય છે અને હવસખોરીનો શિકાર બનાવતાં હોય છે. અનેક વિધર્મીઓ અગાઉ પણ આવા કરતૂતો આચરી ચુક્યા છે. આ ચોંકાવનારી ઘટનામાં પોલીસે તરત જ આકરી કાર્યવાહી કરી તમામની હવસખોરીનું ભૂત ઉતારી નાંખ્યું છે.

### પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચારથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા ઉપર પ્રતિબંધ

# PSIની લેખિત પરીક્ષા લેવાશે ૭૪ કેન્દ્રોમાં

રાજકોટ, તા.૧૮

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ ગાંધીનગર દ્વારા આજે તા.૧૯ના રોજ પીએસઆઈ કેડરની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ૭૪ જેટલી શાળા-કોલેજોમાં આ પરીક્ષા યોજાનાર છે. પરીક્ષા પ્રક્રિયા અત્યંત શાંતિપૂર્ણ, પારદર્શક અને ભયમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી પોલીસ કમિશ્નર દ્વારા કલમ - ૧૬૩ મુજબ પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમજ પરિક્ષા કેન્દ્ર ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

રાજકોટના ૭૪ પરીક્ષા કેન્દ્રો પર બે તબક્કામાં પરીક્ષા યોજાશે. જેમાં પ્રથમ પેપર સવારના ૦૯:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી અને બીજું પેપર બપોરના ૩ થી ૬ વાગ્યા દરમિયાન લેવામાં આવશે. પરીક્ષાર્થીઓની સુવિધા અને સુરક્ષાને ધ્યાને રાખી સવારના ૦૮:૦૦ વાગ્યાથી સાંજના ૭:૦૦ વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્રોની આસપાસ કડક અમલવારી કરવામાં આવશે. જાહેરનામા મુજબ, પરીક્ષા કેન્દ્રો તરીકે જાહેર થયેલી શાળાઓ અને કોલેજોના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓનાપ્રવેશ પર રોક લગાવી દેવામાં આવી છે. આ વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ એકત્રિત થવું નહીં કે કોઈ પણ પ્રકારના વાહનો લાવવા-લઈ જવા નહીં. પરીક્ષામાં ખલેલ પહોંચાડતા તત્વો સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. પરીક્ષાની ગરિમા જળવાઈ રહે તે માટે કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. જેમાં પરીક્ષા કેન્દ્રોની આસપાસની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ ઝેરોક્ષ મશીનો પરીક્ષા સમય દરમિયાન બંધ રાખવાના રહેશે. કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટર વિસ્તારમાં લાઉડ સ્પીકર કે અન્ય અવાજ કરતા સાધનો વગાડવા પર સદંતર પ્રતિબંધ રહેશે. પરીક્ષાર્થીઓ પરીક્ષા કેન્દ્રની અંદર મોબાઈલ ફોન કે અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જઈ શકશે નહીં.

રાજકોટ પોલીસ દ્વારા તમામ ૭૪ કેન્દ્રો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ ન આચરે અને વિદ્યાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે પેટ્રોલિંગ પણ સઘન બનાવવામાં આવ્યું છે. જે કોઈ વ્યક્તિ આ જાહેરનામાનો ભંગ કરશે તેની સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે. આજે રવિવારે યોજાનારી આ મહત્વપૂર્ણ 'પરીક્ષાને લઈને રાજકોટ વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ સંપૂર્ણ સજ્જ હોવાની વિગતો મળી હતી.

### રાતે ગામના પેટ્રોલ પંપ નજીકથી ચાલીને ઘરે જતો હતો ત્યારે બે જણે ઘેરી લીધો

# રામામંડળના કલાકારને ધોકાવી લૂંટ

## ભાવેશ નામનો યુવાન સારવાર હેઠળઃ સગુણાનું પાત્ર ભજવવા માટે જાણીતા યુવાનનો મોબાઈલ અને રોકડ પડાવી લેવાયાઃ હોસ્પિટલમાં દાખલ થતાં કુવાડવા પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ,તા.૧૮

શહેરમાં ચોરી-ચિલઝડપ-લૂંટ સહિતના બનાવો અવાર-નવાર બને છે. દરમિયાન એક બનાવમાં કુવાડવા પંથકના ગામમાં રહેતાં અને રામા મંડળમાં સગુણાનું પાત્ર ભજવવા માટે જાણીતા યુવાનને તેના જ ગામના હાઇવે પર પેટ્રોલ પંપ નજીક બે શખ્સો માર મારી તેની પાસેથી રોકડ અને મોબાઇલ ફોન લૂંટી જતાં ચકચાર જાગી છે. ઇજાઓ સાથે આ યુવાન સરકારી હોસ્પિટલમાં દાખલ થતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા નજીકના નાગલપર ગામના પેટ્રોલ પંપ નજીક યુવાન ચાલીને જતો હતો ત્યારે બૂલેટ પર આવેલા બે શખ્સો મારકુટ કરી પથ્થરથી ઇજાઓ પહોંચાડી ભાગી જતાં ચકચાર જાગી છે. લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા આ યુવાને પોતાને બે શખ્સો લૂંટી ગયાનો આક્ષેપ કરતાં તપાસ શરૂ કરવામાં આવી છે. નાગલપર ગામે રહેતાં ચોવીસ વર્ષના ભાવેશભાઇ રાજાભાઇ ધરજીયા નામના યુવાનને રાતે નવેક વાગ્યે તે ગામના હાઇવે પર આવેલા પેટ્રોલ પંપ નજીકથી ચાલીને જતો હતો ત્યારે અજાણ્યા શખ્સોએ પથ્થરથી અને ઢીકાપાટુનો માર મારતાં લોહીલુહાણ થઇ ગયો હતો.

આવી હાલતમાં તે સારવાર માટે દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. ભાવેશભાઇએ હોસ્પિટલના બિછાનેથી જણાવ્યું હતું કે હું બે ભાઇ અને પાંચ બહેનમાં નાનો તથા અપરિણીત છું. હું રામામંડળમાં સગુણાનું પાત્ર ભજવું છે. રાતે હું ઘરેથી આટો મારવા નીકળ્યો હતો. નવેક વાગ્યે પેટ્રોલ પંપ નજીક ઉભો હતો ત્યારે બૂલેટ પર બે અજાણ્યા શખ્સો આવ્યા હતાં અને મારી સામે જોયા કરતાં હતાં. આ પછી તે જતા રહ્યા હતાં. હું ત્યાંથી ચાલીને આગળ ઘર તરફ જવા નીકળ્યો ત્યારે અવાવરૂ જેવો રસ્તો આવતાં આ બંને શખ્સો ફરીથી મારી પાસે આવ્યા હતાં. હું કંઇ બોલુ એ પહેલા જ મારામારી ચાલુ કરી દીધી હતી.

ત્યારબાદ તે મને ઢીકાપાટુનો માર મારવા માંડ્યા હતાં અને રસ્તા પરથી પથ્થર ઉપાડીને પણ માથામાં મોઢા પર ઘા ફટકાર્યા હતાં. આ બંને શખ્સોએ મારી પાસેથી ત્રણેક હજારની રોકડ અને



**કુવાડવા ચોકડીએ ગાયની નિરણના ફેરાના ભાડા મામલે ગૌ સેવક પર ત્રણ જણાનો હુમલોઃ બેફામ મારકુટ કરી**

ત્રીસ હજારનો મોબાઇલ ફોન પડાવી લીધા હતાં. બાદમાં મેં બૂમાબૂમ કરતાં બંને ભાગી ગયા હતાં. એ પછી લોકો ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવતાં મને રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ભાવેશભાઇએ જે વિગતો જણાવી તે અંગે કુવાડવા રોડ ઇન્સપેકટર વી. આર. વસાવાના માર્ગદર્શનમાં તપાસ શરૂ થઇ છે. હેડકોન્સ. વિપુલભાઇ ગોહેલ નિવેદન માટે હોસ્પિટલે પહોંચ્યા હતાં. પોલીસે આ બનાવમાં યુવાને જણાવેલી હકિકત ખરેખર સાચી છે કે પછી બીજુ કંઇ બન્યું? તેની તપાસ શરૂ કરી છે.

મારામારીની અન્ય એક ઘટના પણ કુવાડવા નજીક ચોકડીએ બની હતી. જેમાં ગૌ સેવા ટ્રસ્ટ ચલાવતાં આધેડ ગાયોનું નીરણ લઇને કુવાડવાથી પોતાની જગ્યાએ જઇ રહ્યા હતાં ત્યારે ચોકડીએ વાંકાનેર ઘીયાવડના એક શખ્સ અને તેના બે મિત્રોએ અગાઉના નિરણના ભાડાના પૈસા મામલે ડખ્ખો કરી માર મારી લોહીલુહાણ કરી દેવાયા હતાં. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે જીયાણામાં વડવાળા વાસંગીદાદા ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટની જગ્યામાં રહેતાં અને ગૌ સેવક તરીકે કામ કરતાં પિસ્તાલીસ વર્ષના મનજીભાઇ લાખાભાઇ પરમારની ફરિયાદ પરથી વાંકાનેરના ઘીયાવડ ગામના અજય મોનાભાઇ મુંધવા, અજય નવઘણભાઇ ફાંગલીયા અને એક અજાણ્યા શખ્સ સામે ફરિયાદ દાખલ કરી હતી.

હુમલામાં ઘાયલ મનજીભાઇએ જણાવ્યું છે કે હું અને મારા પત્નિ નનુબેન, દિકરો સાગર અને દિકરી કાજલ એમ બધા સાથે રહીએ છીએ. વડવાળા વાસંગીદાદા ગૌ સેવા ટ્રસ્ટ નામથી હું ગૌ સેવાનું કાર્ય કરુ છું. મારા બીજા ભાઇઓ જીયાણા ગામે રહે છે. શુક્રવારે હું ટ્રસ્ટની જગ્યાએથી મારા ભાઇ મુળજીભાઇ પરમારની છકડો રિક્ષા જીજે૦૩એયુ-૫૨૭૨ હંકારીને કુવાડવા ગામે ગાય માટે નીરણ લેવા જતો હતો ત્યારે ત્યારે ભગીરથ પેટ્રોલ પંપે ડીઝલ પુરાવવા ઉભો હતો. બાદમાં ત્યાથી કુવાડવા સ્માશન પાસે નીરણ લેવા ગયો હતો. એ પછી પરત ફરતાં કુવાડવા ગામની ચોકડીએ પહોંચતા સામે ઘીયાવડનો અજય મુંધવા મળ્યો હતો. તે પણ નીરણ લેવા આવતો હોઇ જેથી તેને હું ઓળખતો હતો. અજયએ પોતાની રિક્ષા મારી છકડો આડે નાખી મને ઉભો રખાવ્યો હતો અને ઝઘડો કરી ગાળો દઇ ઝપાઝપી કરી ઢીકાપાટુ માર્યા હતાં.

તેની સાથેના મિત્રો અજય ફાંગલીયા અને અજાણ્યાએ પણ મને માર માર્યો હતો. અજય મુંધવાએ મને હાથમાં પહેરેલા કડાથી માથા પાછળ ઘા મારી દેતાં લોહી નીકળી ગયા હતાં. મેં દેકારો મચાવતાં લોકો ભેગા થઇ જતાં આ ત્રણેય ભાગી ગયા હતાં. કુવાડવા સરકારી દવાખાને મેં સારવાર લીધી હતી. બાદમાં મારા પત્નિ, ભત્રીજાને જાણ કરતાં તે મને પોલીસ સ્ટેશને લઇ જતાં ફરિયાદ કરી હતી. તેમ વધુમાં મનજીભાઇએ કહ્યુ હતું. મનજીભાઇએ હુમલાના કારણ અંગે જણાવ્યું હતું કે અગાઉ મેં ગાયોનું નીરણ ભરવા અઢી મહિના પહેલા અજય મુંધવાની રિક્ષા ભાડે કરી હતી. જે તે વખતે તેણે ભાડુ રૂપિયા ૮૦૦ થાય તેમ કહ્યું હતું.

હું તેને પૈસા આપતો હતો ત્યારે તેણે ગાયોનું નિરણ હોવાથી મારે ભાડુ લેવુ નથી તેમ કહી પૈસા લીધા નહોતાં. હવે તેણે અચાનક મને આંતરીને ભાડાના પૈસા માંગતા મેં તેને અગાઉ તે ના પાડી હતી હવે કેમ પૈસા માંગે છે? તેમ કહેતાં ખાર રાખી ઉશ્કેરાઇ જઇ તેના મિત્રો સાથે મળી હુમલો કર્યો હતો. પીઆઇ વી. આર. વસાવાના માર્ગદર્શનમાં એએસઆઇ જે. આઇ. વાઘેલાઅ વધુ તપાસ હાથ ધરી હતી.

### નહિ જેવી વાતે રોષે ભરાઇ જતાં લોકો બની જાય છે બીજા માટે જોખમી

# લેણા નાણા માંગતા રિક્ષાચાલકને છરીના ઘા!

## મોરબી રોડ સેટેલાઇટ ચોકમાં મકાનના હપ્તાના આઠ હજાર લઇ જવાનો ફોન કરી મકાન ખરીદનારે વેંચનારા પ્રૌઢ પર કર્યો હીચકારો હુમલો

રાજકોટ,તા.૧૮

શહેરમાં લોકો નહિ જેવી વાતે કે પછી નવા જુના મનદુઃખને કારણે એક બીજા પર તૂટી પડતાં હોય છે. દરમિયાન એક કિસ્સામાં મોરબી રોડ પર બ્રહ્માણી પાર્કમાં રહેતાં રિક્ષાચાલક પ્રૌઢને પોતે જેને મકાન વેંચ્યુ હતું એ શખ્સ પાસેથી અમુક રકમ લેવાની બાકી હોઇ આ શખ્સે પોતે દર મહિને આઠ આઠ હજારનો હપ્તો આપશે તેમ કહ્યું હોઇ અમુક હપ્તા ભરી બાકીની રકમ ન દેતાં ઉઘરાણી કરતાં આ શખ્સે રોષે ભરાઇ રિક્ષાચાલક પર હુમલાનો પ્લાન ઘડી તેમને ફોન કરીને પૈસા લઇ જવા બોલાવી છરીના છએક ઘા મારી દેતાં રિક્ષાચાલક પ્રૌઢ સારવાર હેઠળ છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટનામાં રિક્ષાચાલક પ્રૌઢ પર તેમણે જેને મકાન વેંચ્યું એ શખ્સે પૈસાની લેતીદેતી મામલે ઝઘડો કરી સેટેલાઇટ ચોકમાં છરીથી હુમલો કરી પગ અને હાથમાં છ જેટલા ઘા મારી ઇજાઓ પહોંચાડી ખૂનની ધમકી દીધી હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે મોરબી રોડ સેટેલાઇટ ચોક બ્રહ્માણી પાર્ક-૨માં રાજ ટાવર પાસે સુરેશભાઇ રાજપૂતના મકાનમાં ભાડેથી રહેતાં અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં છપ્પન વર્ષના પ્રવિણભાઇ નરસિંહભાઇ ચૌહાણની ફરિયાદ પરથી સેટેલાઇટ ચોકમાં રાજ ટાવર રેસીડેન્સી ત્રીજા માળે-૩૦૩માં રહેતાં જીજ્ઞેશ નારણભાઇ ગલચર વિરૂધ્ધ ગુનો ફરિયાદ દાખલ કરી હતી.

પ્રવિણભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે મારે ચાર સંતાન છે. મારા પત્નિ કેન્સરની બિમારીને લીધે અવસાન પામ્યા છે. આજથી આશરે ચારેક વર્ષ પહેલાં મોરબી રોડ સેટેલાઈટ ચોક જુની રંગોલી બેકરીની સામે રાજ ટાવર બિલ્ડીંગમાં ત્રીજા માળે મકાન નંબર ૩૦૩ વાળો લેટ મેં મારા પત્નિના નામે ખરીદ કરેલ હતો. આ ફલેટ બે વર્ષ પહેલા જીજ્ઞેશ ગલચરને મેં રૂપિયા ૧૩,૨૫,૦૦૦માં વેંચ્યો છે. જેમાંથી રૂ.૧૧,૮૧૦૦૦ રોકડા આપેલ અને રૂપિયા ૧,૪૪૦૦૦ આપવાના બાકી હોઇ જે બાદમાં આપી દેશે તેવું જણાવતા આ મકાનનો દસ્તાવેજ જીગ્નેશભાઈના નામે કરી આપેલ હતો.

ત્યાર બાદ બાકીના રૂપિયા ૧,૪૪૦૦૦ જીગ્નેશભાઈ પાસે અવાર-નવાર માગવા છતાં આપતા ન હોઇ જેથી મેં તેને કટકે કટકે આપવાનું કહેલ



**દેશીના બૂટલેગરની છાપ ધરાવતાં હાર્દિક ઉર્ફે કવિએ દિકરી-પત્નિને માર મારી ખૂનની ધમકી આપી!**

બાદ બાકી રહેલ રકમમાંથી મને રૂપિયા ૪૦,૦૦૦ રોકડા આપ્યા હતાં. એ પછી બાકીની રકમ દર મહિને ૮-૮ હજારના હપ્તેથી આપશે તેવુ કહ્યું હતું. પરંતુ પાંચ હપ્તા આપ્યા બાદ બાકીની રકમ હજુ આપી નથી. દરમિયાન શુક્રવારે હું મારા દિકરાના મિત્રને ત્યાં ગ્રીનલેન્ડ ચોકડીએ માતાજીનો માંડવો હોઇ ત્યાં દર્શન કરવા ગયો હતો. ત્યારે જીજ્ઞેશે મને ફોન કરી ક્યાં છો? તેમ પુછીને કહેલું કે-હું મકાનના બાકીના હપ્તા લઇને આવ્યો છું, તમે સેટેલાઇટ ચોક ખોડીયાર પાન ખાતે આવીને લઇ જાવ તેમ કહેતાં હું ત્યાં ગયો હતો. ત્યારબાદ વાતચીત કરી જીજ્ઞેશે મને રૂા. આઠ હજાર આપ્યા હતાં. બાદમાં તેણે મને કહેલું કે-આ હપ્તા પુરા થાય પછી તને હું રહેવા નહિ દઉં. તેમ કહી ઝઘડો કર્યો હતો. અચાનક જ તેણે નેફામાંથી છરી કાઢી હુમલો કરી ડબા પગે, હાથમાં પાંચ-છ ઘા મારી દીધા હતાં. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં જીજ્ઞેશ ભાગી ગયો હતો. તેમ વધુમાં પ્રવિણભાઇએ કહેતાં બી-ડિવીઝનના એએસઆઇ કે. વી. ગોહિલે એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી છે. આમ કાયદેસરના પૈસાની ઉઘરાણી કરતાં રિક્ષાચાલક પર છરીના ઘા થઇ ગયા હતાં.

માથાકુટની અન્ય એક ઘટનામાં દેશી દારૂના બૂટલેગરની અગાઉ છાપ ધરાવતાં શખ્સે પોતાની જ દિકરી-પત્નિને માર મારી ખૂનની ધમકી દીધી હતી. શહેરના ગોકુલધામ ક્વાર્ટરમાં રહેતાં અને અગાઉ પોલીસ ચોપડે ચડી ચુકેલા શખ્સે મોબોઇલ ફોન મામલે દિકરીને માર મારી વચ્ચે પડનાર પત્નિને પણ ફટકારી બંનેને મારી નાંખવાની ધમકી આપતાં ચર્ચા જાગી છે. આ બનાવમાં માલવીયાનગર પોલીસે કૃષ્ણનગર મેઇન રોડ પર આવેલા ગોકુલધામ આવાસ યોજના ક્વાર્ટર ૧૫૨૩ બ્લોક નં. ૧૯માં રહેતાં બાવીસ વર્ષના ચૈતાલીબેન હાર્દિકભાઇ સોલંકીની ફરિયાદ પરથી તેણીના પિતા હાર્દિકભાઇ ઉર્ફે કવિ હરેશભાઇ સોલંકી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

આ બનાવમાં ચૈતાલીબેને ફરિયાદમાં જણાવ્યું છે કે હું મારા પિતા હાર્દિકભાઇ અને માતા જયશ્રીબેન સાથે રહુ છું. મારાથી નાની એક બહેન અને એક નાનો ભાઇ છે. ચારેક મહિના પહેલા મારા પિતા અને માતા વચ્ચે માથાકુટ થતાં હું અને માતા જયશ્રીબેન બંને પિતાને કહ્યા વગર તેનાથી અલગ રહેવા નાલા સોપરા મુંબઇ જતાં રહ્યા હતાં. તા. ૧/૪ના મારે કોલેજની પરિક્ષા હોઇ હું રાજકોટ આવીને સ્વામિનારાયણ મંદિર પાસે રોકાઇ હતી.

આ પછી તા. ૫/૪ના રોજ મારા પિતાએ હું અને મારા માતા જયશ્રીબેન ગુમ થયા છીએ તેવી અરજી આપી હોઇ જેથી હું માલવીયાનગર પોલીસ સ્ટેશને આવી હતી. ત્યારે મારા પિતા હાર્દિકભાઇ મને લેવા આવતાં હું તેના સાથે ગઇ હતી. બાદ મારા માતા જયશ્રીબેન મને લેવા મુંબઇથી રાજકોટ આવ્યા હતાં. અહિ મારા માતા-પિતા વચ્ચે ઘરમેળે સમાધાન થઇ ગયુ હતું જેથી માતા પણ સાથે રહેવા આવી ગયા હતાં. દરમિયાન હાલમાં ૧૬મીછએ રાતે સાડા અગીયારેક વાગ્યે મારા પિતાએ મારી પાસે મારો ફોન માંગતા મેં તેને આપવાની ના પાડતા તેણે મને ગાળો દઇ ઢીકાપાટુનો માર માર્યો હતો.

મારા માતા છોડાવવા આવતાં તેને પણ મારા પિતાએ માર માર્યો હતો. તેમજ આજે તો તમને મા-દિકરીને મારી જ નાંખવી છે તેમ કહી ધમકી આપી હતી અને જતાં રહ્યા હતાં. અમને સતત ડર લાગતો હોઇ જેથી હવે ફરિયાદ કરી છે. તેમ વધુમાં ચૈતાલીબેને કહેતાં માલવીયાનગર હેડકોન્સ. એચ. સી. ઓગાણીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ હાર્દિક ઉર્ફે કવિ વિરૂધ્ધ અગાઉ દેશી દારૂના ગુના નોંધાયા હતાં. હવે તેની સામે તેની જ દિકરી, પત્નિ પર હુમલાનો ગુનો દાખલ થયો છે.

---

### અગાઉ પણ સામે આવી ચુક્યા છે આ પ્રકારના કારસ્તાનો

# નકલી એજન્ટે રોકડા લઇ કાઢી દીધા ચારસો નકલી લાયસન્સ!

## પોતે આરટીઓનો એજન્ટ છે કહી ત્રણથી પાંચ હજાર લઇ લેતો અને ગમે તેના અસલી લાયસન્સમાં એડીટીંગ કરી ફોટા-નામ બદલી ડુપ્લા લાયસન્સ ધાબડી દેતોઃ કલ્યાણપુરમાં ક્રાઇમ બ્રાંચે બાતમી પરથી દબોચ્યોઃ વધુ ચોંકાવનારી વિગતો ખુલવાની વકી

રાજકોટ,તા.૧૮

અલગ અલગ ઠગાઇના કારસ્તાન રોજ સામે આવતા રહે છે. અનેક લેભાગુઓ પૈસા કમાવવા માટે ખોટા રસ્તા અજમાવતા હોય છે. નકલી આરસી બૂકોના કૌભાંડ અને નકલી ડ્રાઇવીંગ લાયસન્સના કૌભાંડ અગાઉ ખુલ્યા હતાં. વધુ એક વખત આવી ગઠીયાગીરી સામે આવી છે જેમાં નકલી આરટીઓ એજન્ટ નકલી લાયસન્સ કાઢી આપી રૂપીયા કટકટાવતો હતો. આવા ચારસો જેટલા નકલી ડ્રાઇવીંગ લાયસન્સ આ કહેવાતા એજન્ટે કાઢી આપ્યાનું ખુલતાં ચકચાર મચી ગઇ છે.

વિગતો પર નજર કરીએ તો કલ્યાણપુરમાં અલગ-અલગ વિસ્તારના લોકોને આરટીઓનો એજન્ટ તરીકે કામ કરતો હોવાની ઓળખ આપી ૪૦૦ લોકોને બોગસ ડ્રાઇવીંગ લાયસન્સ કાઢી આપી છેતરપિંડી આચરનાર શખ્સને એસઓજીની ટીમે પકડી લીધો હતો. કલ્યાણપુર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને એક શખ્સ આરટીઓમાં એજન્ટ હોવાની ખોટી ઓળખ આપી જાળમાં ફસાવી બોગસ ડ્રાઇવીંગ લાયસન્સ કાઢી છેતરપિંડી આચરતો હોવાની માહિતી મળી હતી.

આ ચોક્કસ બાતમીને આધારે એસઓજીની ટીમે કલ્યાણપુરમાં સરકારી હોસ્પિટલની સામે રહેતો કિશન નટવરલાલ ઉર્ફે નટુભાઇ સોમૈયાને પકડી લીધો હતો. દરોડા દરમિયાન આ પચ્ચીસ વર્ષના શખ્સ પાસેથી દરમિયાન અલગ-અલગ એક ડઝન બોગસ ડ્રાઇવીંગ લાયસન્સ, રૂ. ૫૨૦૦ રોકડા તથા મોબાઇલ ટુ-વ્હીલર મળી રૂ. ૩૫,૨૦૦ નો મુદ્દામાલ કબજે કરી કલ્યાણપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસની પુછપરછમાં આરોપી પોસ્ટ ઓફીસને લગતી કામગીરી કરતો હોવાથી અલગ-અલગ વિસ્તારોના લોકો સાથે મુલાકાત થતી હતી.

ત્યારે તે પોતે આરટીઓમાં એજન્ટ તરીકે કામ કરતો હોવાની વાતો કરી લોકોને ફસાવતો હતો અને એક લાયસન્સના ત્રણ હજારથી આઠ હજાર રૂપિયા સુધી રોકડા તથા ઓનલાઇન લઇ લેતો હતો અને ગ્રાહકને આરટીઓમાં ટ્રાયલ આપ્યા વગર ઓરીજનલ




ડ્રાઇવીંગ લાયસન્સ ઘરબેઠા મળી જશે, તેવા ખોટા વાયદાઓ આપતો હતો.

આ પછી તે મોબાઇલ ફોનમાં અન્ય વ્યક્તિના લાયસન્સનો ફોટો પાડી તેમાં એડીટીંગ કરી તેની પ્રીન્ટ કાઢીને લેમીનેશન કરાવીને આપતો હતો. તેણે બે વર્ષ દરમિયાન આશરે ત્રણસોથી ચારસો લોકોના લર્નિંગ અને પાકા ડ્રાઇવીંગ લાયસન્સ કાઢી આપી છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે પોલીસે તેની ધરપકડ કરી તેના બે દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ પ્રકારની નવતર ગઠીયાગીરી ખુલતાં આરટીઓ અધિકારીઓ અને પોલીસ સ્ટાફ પણ ચોંકી ગયો હતો. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં પણ અગાઉ નકલી આરસી બૂક, નકલી ડ્રાઇવીંગ લાયસન્સના કૌભાંડ સામે આવતાં કડક કાર્યવાહી થઇ હતી. ત્યાં હવે લેભાગુ એજન્ટનો પર્દાફાશ થયો છે. નકલી લાયસન્સને અસલી સમજીને વાહન હંકારનારા ચાલકો આ નકલી એજન્ટનો પર્દાફાશ થતાં હવે ફરીથી નવા લાયસન્સ કઢાવવા દોડધામ કરવા માંડ્યા છે.

---

### રોજ ઉઠીને ગઠીયાઓ અપનાવે છે નવા જુના નુસ્ખા અને ભરે છે ગામના પૈસે ગજવા

# પંદર લાખ ચુકવ્યા પણ ટીપુંય ઓઇલ ન મળ્યું!

રાજકોટ,તા.૧૮

ઓનલાઇન ગઠીયાગીરી અટકતી જ નથી. રોજ ઉઠીને ગઠીયાઓ નવા જુના નુસ્ખાઓના ઉપયોગથી લોકોને છેતરીને પોતાના ગજવા ભરી લેવામાં સફળ થઇ જાય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક વેપારીએ ફેસબૂક પર જાહેરાત વાંચી સસ્તામાં ઓઇલ ખરીદવા ઓર્ડર આપી પંદર લાખ રોકડા મોકલી દીધા હતાં. પંદર ટન ઓઇલનો ઓર્ડર આપ્યો હતો. પરંતુ ગઠીયાઓ રૂપિયા ખાઇ ગયા હતાં અને એક ટીપુય ઓઇલનું મોકલ્યું નહોતું. આથી પોતાની સાથે ફ્રોડ થયાની વેપારીને ખબર પડતાં પોલીસ પાસે દોડી જઇ કાર્યવાહી કરાવી હતી.

વિગતો પર નજર કરીએ તો ભાવનગરના સિહોરના ટ્રાન્સપોર્ટના વ્યવસાયીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુકમાં એડ જોઈને ૧૫ ટન ઓઈલ-એમએચઓ ઓર્ડર કર્યું હતું. જેના નાણાં આંગડિયા મારફત મોકલ્યા બાદ બે શખ્સોએ ઓઈલ નહી મોકલી વેપારી સાથે વિશ્વારઘાત છેતરપિંડી આચરી હતી. બનાવ અંગે સિહોર પોલીસ મથકમાં દાખલ થયો છે. સિહોરના ખારી ગામના વતની અને હાલ ચિત્રા ખાતે રહેતા મેહુલભાઈ ઓઘડભાઈ ડાંગરે સિહોર પોલીસ મથકમાં પંકજ સિંઘ અને અજય મિશ્રા નામના શખ્સો સામે ગુનો નોંધાવ્યો હતો. જેમાં તેમણે આશરે દોઢ માસ પહેલા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર ગોગ્રીન ઈન્ડિયા નામના પેજ પર એમએચઓ એટલે કે ઓઇલની એડ જોઈ હતી. તેમને ઓઈલની જરૂરિયાત હોવાથી અને ભાવ પણ થોડા ઓછા હોવાથી જાહેરાતમાં જણાવેલા નંબર પર સંપર્ક કર્યો હતો. ફોન ડાયલ કરતાં જ સામે છેડેથી વાત કરનારે પોતે પંકજ સિંઘ હોવાની ઓળખ આપી હતી અને વાતચીત કરી રૂપિયા ૯૭ પ્રતિકિગ્રાના ભાવ લેખે ઓઇલ મળશે તેમ કહ્યું હતું. વધુ




**ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ ફેસબૂક પર જાહેરાત વાંચી ઓઇલનો ઓર્ડર આપી રોકડા ચુકવી દીધાઃ બે ગઠીયાએ બાદમાં ફોન કરી દીધો બંધ**

વાતચીત બાદ વેપારીને સોદામાં રસ પડતાં તેણે કુલ ૧૫.૯૫૦ ટન ઓઈલનો ઓર્ડર આપ્યો હતો અને તેના રૂપિયા ૧૫,૪૭,૧૫૦ આંગડિયા મારફત પંકજ સિંઘ અને અજય મિશ્રા નામના શખ્સને મોકલ્યા હતા. આ નાણા બંનેને મળી ગયાનો આંગડીયા પેઢીનો વળતો મેસેજ પણ વેપારીને મળી ગયો હતો. આથી વેપારી હવે પોતાને ઓઇલનો માલ મળે તેની રાહ જોવા માંડ્યા હતાં.

વેપારીએ રોકડા ચુકવીને કુલ ૧૫.૯૫૦ ટન ઓઈલનો આર્ડર આપ્યો હતો. જો કે દિવસો સુધી રાહ જોવા છતાં એક ટીપુય ઓઇલ મળ્યું નહોતું. આથી શંકા ઉપજતાં જે નંબર ફેસબૂકમાં હતાં અને અગાઉ જેની સાથે વાત કરી હતી તેને ફરીથી ફોન જોડતાં આ ફોન નંબર સેવામાં નહિ હોવાની કેસેટ વાગી હતી. આથી વેપારીને ફાળ પડી ગઇ હતી અને ફ્રોડ થયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી. પોલીસે વિશ્વાસઘાત છેતરપિંડી મામલે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. આવી ઠગાઇ અગાઉ પણ થઇ ચુકી છે. જેમાં યાર્ડના વેપારીઓનો માલ કે બીજા વેપારીઓનો લાખોનો માલ ખાઇ જવાયો હતો અને રૂપિયા ચુકવાયા નહોતાં. આ કિસ્સામાં લેભાગુઓ ઓઇલના વેપારીનો સ્વાંગ રચી વેપારીને પંદર લાખનો ચૂનો લગાવી ગયા છે.

---

### જ્યાં નોકરી કરતો હતો ત્યાં જ કરી ગદ્દારીઃ બારોબાર માલ સેરવતો કેમેરામાં દેખાયો

# રિક્ષાના ૨૬ લાખના પાર્ટસ બારોબાર વેંચી માર્યા!

## નવાગામના શખ્સે કંપની સાથે દગો કરી પોતાના ગજવા ગરમ કર્યાઃ અન્યોની પણ સંડોવણી ખુલવાની શક્યતાઃ કુવાડવા પોલીસે શરૂ કરી તપાસ



રાજકોટ,તા.૧૮

જ્યાં નોકરી કરતાં હોય અને જ્યાંથી રોજીરોટી રળતાં હોય ત્યાં જ ગદ્દારી કરવાની ઘટનાઓ વધી ગઇ છે. આવો જ એક બનાવ રાજકોટમાં બન્યો છે. શહેરના નવાગામમાં ખાટુશ્યામ મંદિર પાસે આવેલી બજાજ રીક્ષાના સ્પેર પાટ્ર્સ વેંચતી કંપની એપકોમોટોલિંક પ્રાઇવેટ લિમિટેડમાં લાખો રૂપિયાની ઉચાપતનો મામલો સામે આવ્યો છે. કંપનીના જ એક કર્મચારીએ બારોબાર ૨૬,૦૮,૯૪૧ની કિંમતના સ્પેર પાટ્ર્સ વેંચી દઇ રોકડી કરી પોતાનું ગજવું ગરમ કરી લીધુ છે. જો કે તેની આ કારીગીરી ઉઘાડી પડી જતાં એફઆઇઆર દાખલ કરાવાઇ છે.

વિગતો પર નજર કરીએ તો વિશ્વાસઘાત દગાનોરીની આ ઘટનામાં કુવાડવા રોડ પોલીસે જાગનાથ પ્લોટ-૪મા શિવાલય એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૩૦૧માં રહેતાં અને નવાગામ ખાટુશ્યામ મંદિર પાસે આવેલી એપકો મોટર્સ ઇન્ડિયા પ્રા. લિ.માં મેનેજર તરીકે નોકરી કરતાં જેનીશભાઇ સંદિપભાઇ મહેતાની ફરિયાદ પરથી નવાગામ આણંદપર રંગીલા સોસાયટીમાં રહેતાં અને નવગામમાં જ આવેલ બજાજ રિક્ષાના સ્પેર પાર્ટસનું વેંચાણ કરતી કંપનીમાં મજુરી કરતાં સંજય ભુપતભાઇ જીંજરીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. જેનીશભાઇએ જણાવ્યું છે કે અમારી કંપનીના માલિક જીમીભાઈ ભાવેશભાઈ ધોળકિયા છે. તેમની માલિકીની એકોમોટોલિન્ક પ્રા.લિ. નામની બ્રાંચ નવાગામમાં જ એપકો મોટર્સ પાસે પ્લોટ નૈ. ૩૬, ૩૭માં આવેલી છે.

આ બ્રાંચ ખાતેથી બજાજ રિક્ષાના ઓટો પાર્ટસનું વેંચાણ થાય છે. અહિ મેનેજર તરીકે યતીનભાઇ જયસુલાલ ગણાત્રા છે. આ બ્રાંચમાં નવગામ રંગીલા સોસાયટીના સંજય જીંજરીયાને મજુરી કામ માટે નોકરીમાં રાખ્યો હતો. કંપનીની મુખ્ય ઓફિસ અમદાવાદ સરખેજ ખાતે છે. તારીખ ૦૨/૦૪/૨૦૨૬ અને ૦૩/૦૪/૨૦૨૬ના સમય ગાળા દરમિયાન આર.વી.ડી. એન્ડ એસોસિએટ્સ દ્વારા કંપનીનું ઓડિટ કરવામાં આવ્યું હતું. ઓડિટર રૂષીભાઈ દરજીના રિપોર્ટમાં જાણવા મળ્યું કે સ્ટોકમાંથી રૂા. ૨૬.૦૮ લાખની કિંમતના વિવિધ સ્પેર પાટ્ર્સ ગાયબ છે. આ ચોંકાવનારો અહેવાલ મળતા જ કંપનીના મેનેજર જેનીશભાઈ મહેતાએ તપાસ આદરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કંપનીમાં મજૂરી કામ કરતા કર્મચારી સંજયભાઈ ભૂપતભાઈ જીંજરિયા કે જે નવાગામ રંગીલામાં જ રહે છે તે શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સામેલ હતો. સીસીટીવી ફૂટેજ તપાસતા જોવા મળ્યું કે સંજય પાર્સલ પેકિંગ વખતે માલ આગળના દરવાજેથી મોકલવાને બદલે પાછળના ભાગે લઈ જતો હતો. અગાઉ ફેબ્રુઆરી મહિનામાં પણ એક રીક્ષા ચાલક ભરતભાઈ મારફતે જાણ થઈ હતી કે સંજયે દત્તાત્રેય નામની દુકાને માલ પહોંચાડવા માટે વધારાની ૨૦ નંગ ચેઈન છુપાવીને મોકલી હતી.

જ્યારે મેનેજર યતીનભાઈ તેને પકડવા ગયા ત્યારે સંજય ત્યાંથી ભાગી છૂટચો હતો. બાદમાં કંપનીના અધિકારીઓ દ્વારા જ્યારે સંજય જીંજરિયાની પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો નહોતો. અંતે અમદાવાદ સ્થિત હેડ ઓફિસની મંજૂરી અને ઓથોરિટી લેટરના આધારે જેનીશભાઈ મહેતાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સંજયએ કંપનીની બ્રાંચના અલગ અલગ સ્પેર પાર્ટસ કુલ રૂા. ૨૬,૦૮,૯૪૧ના કંપનીના મેનેજર સહિતની જાણ બહાર બારોબાર કોઇને વેંચી દઇ ઠગાઇ વિશ્વાસઘાત કર્યો હોઇ ફરિયાદ નોંધાવાઇ છે. તેમ વધુમાં જેનીશભાઇએ જણાવતા પોલીસ ઇન્સપેકટર વી. આર. વસાવાના માર્ગદર્શનમાં આસી સબ ઇન્સ. ખોડુભા વી. જાડેજાએ ગુનો દાખલ કરી તપાસ આદરી છે. આવી ઘટનાઓ અગાઉ પણ બની ચુકી છે. જો કે ખોટુ કરનારાઓને બાદમાં જેલની હવા ખાવાની નોબત આવતી હોય છે.

# રાજકોટ GST ટ્રિબ્યુનલ સર્કિટ ધમધમી

## ભારે અવરોધ બાદ રાજકોટ ખાતે સર્કિટ શરૂ : સ્ટેટ - સેન્ટ્રલની અપીલોનું ભારણ સૌથી વધુ, વેપારીઓમાં હાશકારો : રાજકોટ સર્કિટ શરૂ થતા જ ૪૪થી વધુ કેસ સ્ક્રુટીનીમાં




રાજકોટ, તા. ૧૪

કેન્દ્ર સરકાર દ્વારા જે સમયથી જીએસટી કાયદા ને લાગુ કરવામાં આવ્યો છે તે સમયથી અનેકવિધ બદલાવ જોવા મળી રહ્યા છે સામે જીએસટીમાં જો કોઈ પ્રશ્નનો નિવારણ આવતું ન હોય તો વેપારીઓએ હાઈકોર્ટના દ્વાર ખખડાવવા પડે છે અથવા તો સુપ્રીમ કોર્ટ ની મદદ લેવી પડે છે. પરિણામ સ્વરૂપે હાલ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ખૂબ વધુ કેસોનો ભરાવો થઈ ચૂક્યો છે જેનું નિવારણ લાવવું અત્યંત જરૂરી છે. આ માટે જીએસટી અપેલેટ ટ્રીબ્યુનલ ની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હાલ પ્રક્રિયા પણ હાથ ધરાય છે અને રાજકોટને પણ જીએસટી અપિલેટ માટેની સર્કિટ મળી છે પરંતુ કોઈને કોઈ કારણોસર જે ઝડપભેર કામગીરી થવી જોઈએ તે થઈ શકી નથી અને આજે પણ અપિલેટ ટ્રિબ્યુનલની સર્કિટ શરૂ થઈ શકી નથી. જીએસટી ટ્રિબ્યુનલની સ્થાપના કરવી આવશ્યક સાબિત થઈ હતી. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ હાલ કેન્દ્ર સરકાર અને ખાસ તો નાણામંત્રાલય દ્વારા ગુજરાતમાં જીએસટી શરૂ કરવાનો નિર્ણય કર્યો અને રાજકોટ સહિત ત્રણ શહેરોને જીએસટી ટ્રિબ્યુનલની ફાળવણી થઈ. છેલ્લા એક માસથી ટ્રિબ્યુનલ શરૂ થઈ ચૂક્યું છે અને વેપારીઓમાં આશા પણ જાગી છે કે હવે તેમના જે પ્રશ્નો હતા તે ટ્રિબ્યુનલ મારફતે પૂર્ણ થઈ શકશે અને તેનું ઝડપથી નિવારણ આવશે. હાલ હજારો કેસ પેન્ડિંગ પડેલા છે ત્યારે અપિલેટ ટ્રિબ્યુનલ શરૂ થતા પ્રશ્નનું નિવારણ આવવા લાગશે. હાલ સર્કિટ શરૂ થઈ ચૂકી છે અને આશરે ૪૪ જેટલા કેસ સ્ક્રુટીનીમાં પણ આવી ગયા છે. પરંતુ હાલ રાજકોટ જીએસટી અપેલેન્ટ ટ્રીબ્યુનલ માટે જો પડકાર હોય તો તે એ છે કે અત્યારે દરેક કેસ અમદાવાદ વડી કચેરી ખાતે જાય છે અને ત્યારબાદ જ તે કેસ રાજકોટ અપિલેટને ટ્રાન્સફર કરવામાં આવે છે.

રાજકોટ સહિત રાજ્યના વેપારીઓનો સમય અને નાણાનો વ્યય ન થાય તે માટે ત્રણ શહેરોમાં આ ટ્રિબ્યુનલ શરૂ થશે જેના પરિણામ સ્વરૂપે વેપારીઓએ હવે જીએસટીના કેસ માટે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં જવું નહીં પડે અને વિવાદિત કેસ ટ્રીબ્યુનલમાં પડકારી શકાશે. હાલ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સ દ્વારા જેઠીબિનલ શરૂ કરી દેવામાં આવી છે તેની વળી કચેરી રાજકોટ ઝોન માટે સુરત નક્કી કરાઈ છે અને રાજકોટને સર્કિટ આપવામાં આવી છે.

વેપારીઓમાં હાલ એક માત્ર રોષ વ્યાપી ઉઠ્યો છે કે જીએસટી વિભાગ મન ફાવે તેમ આકરણી કરે છે અને તેની સીધી અસર વેપારીઓ ઉપર પડે છે ત્યારે વેપારીઓએ આ અંગે જો ચેલેન્જ કરવું હોય તો તેઓએ હાઈકોર્ટ અથવા તો સુપ્રીમ કોર્ટનો સહારો લેવો પડે છે એટલું જ નહીં તે પૂર્વે અપીલ કમિશનર સમક્ષ તેઓ અપીલમાં પણ જતા હોય છે પરંતુ જે ન્યાય મળવો જોઈએ તે મળતો નથી અને ન છૂટકે તેઓએ વડી અદાલતનો સાથ અને સહકાર લેવો પડતો હોય છે હાલ તે સ્થાને પણ ખૂબ વધુ કેસ પેન્ડિંગ હોવાના કારણે કામગીરી શક્ય બનતી નથી.

બીજી તરફ આકારણી કરનાર અધિકારી પણ ૠજળના હોય છે અને અપીલ કમિશનર પણ ૠજળના જ હોય છે. જો વેપારીને અપીલ કરવી હોય તો દાવાની કુલ રકમના ૧૦% રૂપિયા જમા કરવવા પડતા હોય છે. જો અપીલમાં સંતોષ ન થાય તો વેપારીએ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી કેસ લડવો પડે છે. જેમાં વેપારીઓનો સમય અને પૈસા વધુ વપરાય છે સાથે જ કરવેરા સલાહકારોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.હવે અમદાવાદ, સુરત અને રાજકોટમાં ૠજળ ટ્રિબ્યુનલ શરૂ થાય તેવી શક્યતા છે. જેના કારણે જો અધિકારીઓએ આડેધડ આકારણી કરી હશે તો વેપારીઓ પોતાના શહેરની નજીક આવેલી ૠજળ ટ્રિબ્યુનલમાં તેને પડકારી શકશે.

### ગુજરાતના હજારો કેસ પેન્ડિંગ

જીએસટીના જાણકાર અને તજજ્ઞો દ્વારા જે માહિતી અને આંકડાઓ સામે આવી રહ્યા છે તે મુજબ હાલ રાજ્યમાં હજારો કેસ અપીલ કમિશનર, હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યા છે અને પરિણામ સ્વરૂપે કરોડો રૂપિયાની જીએસટી આવક પણ અટકી ગઈ છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ હવે જીએસટી અપિલેટ ટ્રિબ્યુનલ શરૂ થઈ જતા પડતર કેસોમાં નિકાલ આવશે અને જીએસટીની આવક શરૂ થઈ શકે.

### ટ્રિબ્યુનલના અભાવે વેપારીઓના ૫૦૦૦ કરોડ રૂપિયા સલવાયા

જીએસટી ટ્રિબ્યુનલ ન હતું તે સમયે વેપારીઓએ હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં દાદ મેળવવી પડતી હતી. ત્યારે આશરે ૫,૦૦૦ કરોડથી વધુ રૂપિયા સલવાયા હોવાની પણ વિગતો સામે આવી રહી છે જો આગામી દિવસોમાં અને નજીકના સમયમાં આ રકમનો નિવેડો ન આવ્યો તો વેપાર ક્ષેત્રે ઘણી માટી અસરનો સામનો કરવો પડશે ત્યારે તાકીદે જીએસટી ટ્રિબ્યુનલ સ્થાપિત થાય અને તેનો યોગ્ય નિવારણ લાવવામાં આવે તે દિશામાં હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. રાજકોટમાં ટ્રિબ્યુનલ સર્કિટ શરૂ થતા જ સૌરાષ્ટ્ર કચ્છના વેપારીઓનો અમદાવાદ સુધી ધક્કો બંધ થઈ ગયો છે. રાજકોટમાં જ તેઓ તેમના કેસનું પરિણામ મેળવી શકશે હા એ વાત સાચી છે કે જ્યારે રાજકોટમાં આ ટ્રિબ્યુનલ શરૂ થશે તો અહીં કામનું ભારણ પણ એટલું જ વધુ જોવા મળી શકે છે.



# મહાનગરપાલિકાના ઉમેદવાર પ્રચાર પાછળ ખર્ચી શકશે ૯ લાખ

## રાજ્ય ચૂંટણી આયોગના નિર્ણયથી ઉમેદવારોમાં હાસકારો : જિલ્લા પંચાયત, નગરપાલિકા-તાલુકા પંચાયતના ઉમેદવારોને પણ લાભ

રાજકોટ, તા. ૧૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી ગયા છે હવે એક જ સપ્તાહનો સમય મતદાનમાં બાકી રહ્યો છે ત્યારે પ્રચાર માટે રહેતા છ દિવસમાં હાલ દરેક રાજકીય પક્ષના ઉમેદવારો પોતાની એડીચોટીનું જોર લગાવશે ત્યારે ચૂંટણીના ઉમેદવારો માટે રાહતના સમાચાર રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવ્યા છે જેમાં મહાનગરપાલિકા ના ઉમેદવારોનો ચૂંટણી ખર્ચ વધારી નવ લાખ રૂપિયા કરવામાં આવ્યો છે. માત્ર મહાનગરપાલિકા જ નહીં પરંતુ જિલ્લા પંચાયત નગરપાલિકાને તાલુકા પંચાયતના ઉમેદવારો માટેના પણ ખર્ચની મર્યાદા વધારવામાં આવી છે જેથી તેનો પ્રચાર પ્રસારમાં યોગ્ય ઉપયોગ થઈ શકે.

રાજકોટ સહિત રાજયની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની આગામી તા. ૨૬ને રવિવારે યોજાનારી ચૂંટણી માટે રાજય ચૂંટણી આયોગ અને વહીવટી તંત્ર સજજ બની જવા પામેલ છે. સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીના ઉમેદવારો માટે ખર્ચની મર્યાદામાં રાજય ચૂંટણી આયોગ દ્વારા વધારો કરવામાં આવેલ છે. ચૂંટણી પ્રચાર માટેની વિવિધ સામગ્રીના ભાવમાં થયેલા વધારાના પગલે ઉમેદવારોની ખર્ચ મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. અગાઉ કેન્દ્રીય ચૂંટણી પંચ નવી દિલ્હી દ્વારા લોકસભા અને વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોના ખર્ચની મર્યાદામાં વધારો કરવામાં આવેલ હતો. જેને લક્ષમાં રાખી રાજય ચૂંટણી આયોગ દ્વારા પંચાયત અને શહેરી વિકાસ વિભાગના નિયમોને આધીન સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ઉમેદવારો માટે ખર્ચની નવી મર્યાદા નિશ્ચિત કરી દેવામાં આવી છે.

આ અંગે રાજય ચૂંટણી આયોગના સચિવ આર.જી.ગોહીલે ખાસ પરિપત્ર ઇશ્યુ કરી રહેલા આદેશ મુજબ મહાનગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારો હવે રૂા. ૯ લાખ સુધીનો ચૂંટણી ખર્ચ કરી શકશે. અગાઉ મહાનગરપાલિકાના ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચની મર્યાદા રૂા. ૬ લાખ સુધીની હતી પરંતુ હવે નવા ફેરફાર મુજબ મહાનગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારો રૂા. ૯ લાખ સુધીની મર્યાદામાં ચૂંટણી ખર્ચ કરી શકશે.

આવી જ રીતે એકથી નવ વોર્ડ ધરાવતી નગરપાલિકાના દરેક વોર્ડના ઉમેદવાર માટે રૂા. ૨.૨૫ લાખ, નવથી વધુ વોર્ડ ધરાવતી નગરપાલિકાના દરેક વોર્ડના ઉમેદવાર માટે રૂા. ૩.૫૦ લાખ જિલ્લા પંચાયતના દરેક મતદાર વિભાગના ઉમેદવાર માટે રૂા. છ લાખ અને તાલુકા પંચાયતની ચૂંટણીના ઉમેદવાર માટે રૂા.૩ લાખ સુધીના ચૂંટણી ખર્ચની મર્યાદા નિશ્ચિત કરવામાં આવી છે.

રાજય ચૂંટણી આયોગ દ્વારા ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચની મર્યાદામાં કરાયેલા વધારાનો પગલે હાલના મોંઘવારીના સમયમાં ચૂંટણી લડતા ઉમેદવારોને થોડી રાહત થશે. રાજય ચૂંટણી આયોગ દ્વારા ઉમેદવારોના ચૂંટણી ખર્ચની મર્યાદામાં કરાયેલા વધારા અંગે રાજયના તમામ જિલ્લા કલેકટરો (ચૂંટણી અધિકારીઓ) જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી, મ્યુનિ. કોર્પો઼ના કમિશ્નર, તિજોરી અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓને જાણ કરી દેવામાં આવી છે. રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન તેમજ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સહિત જિલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ઉમેદવારોના ચૂંટણી ખર્ચ પર બાજનજર રાખવા માટે જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા જિલ્લા તિજોરી અધિકારી એ.કે.કરમુરની નોડલ તરીકે નિયુકિત કરી દેવામાં આવી છે. તિજોરી અધિકારી એ.કે.કરમુરના વડપણ હેઠળ ૪૦ સદસ્યોનો ખર્ચ સમિતિમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ ખાસ ટીમની પ્રથમ બેઠક ગત તા. ૧૦ના મળી ગયા બાદ હવે બીજી બેઠક આગામી ટુંક સમયમાં જ બોલાવવામાં આવનાર છે. જિલ્લા તિજોરી અધિકારી એ.કે.કરમુરના વડપણ હેઠળની આ ખાસ ટીમ દ્વારા ઉમેદવારના ચૂંટણી ખર્ચ પર બાજનજર રાખવાનું શરૂ કરી દેવામાં આવેલ છે.

મહાનગરપાલિકાની એકાવન વર્ષની રાજકિય તવારીખ પણ જાણવા જેવી છે

# મનપાની ૮ ચૂંટણીઓમાં ૭ વાર ભાજપ વિજેતા

## કોંગ્રેસને માત્ર એકવાર સતાની લોટરી લાગી હતીઃ હવે ભાજપનાં ગઢમાં ગાબડું પાડવા ફરી કોંગ્રેસ અને 'આપ' મેદાને

રાજકોટ , તા. ૧૮

સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર ગણાતા અને સ્માર્ટ સિટી તરીકે ઉભરી રહેલા રાજકોટ મહાપાલિકાના શાસનની ધુરા કોણ સંભાળશે તેનો નિર્ણય હવે નજીક છે. રાજકોટ મનપાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે આગામી તારીખ ૨૬ના રવિવારે મતદાન થવાનું છે. કાળઝાળ ગરમી અને આકરા તાપ વચ્ચે યોજાનારી આ ચૂંટણી પૂર્વે શહેરના ૫૧ વર્ષના રાજકીય ઇતિહાસ પર નજર કરીએ તો રાજકોટની પ્રજાએ મોટા ભાગે કેસરિયા પક્ષ પર જ કળશ ઢોળ્યો છે. મનપાની સ્થાપનાથી અત્યાર સુધીના પાંચ દાયકાના સમયગાળામાં ૮ ચૂંટણી યોજાઈ છે. જેમાં સાત વખત એટલે કે ૪૬ વર્ષ સુધી ભાજપે સત્તા ભોગવી છે. જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર પાંચ વર્ષનું શાસન આવ્યું છે. આગામી ચૂંટણીમાં ભાજપનાં ગઢમાં ગાબડું પાડવા કોંગ્રેસ અને 'આપ' પણ મેદાનમાં ઉતર્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા તારીખ ૧૯-૧૧-૭૩ના રોજ અસ્તિત્વમાં આવી હતી. તે પૂર્વે અહીં નગરપાલિકા અને મ્યુનિસિપલ બરો કાર્યરત હતા. કોર્પોરેશનની સ્થાપના સાથે સરકારે સૌપ્રથમ વહીવટદાર (એડમિનિસ્ટ્રેટર)ની નિમણૂક કરી હતી. જોકે, લોકશાહી ઢબે પ્રથમ ચૂંટણી ૧૯૭૫માં યોજાઈ હતી. આ પ્રથમ જંગમાં ભાજપના પૂર્વજ ગણાતા 'જનતા મોરચા'એ મેદાન માર્યું હતું. ૧૮ વોર્ડની ૫૧ બેઠકો માટે થયેલા એ મતદાનમાં જનતા મોરચાને ૩૨ બેઠકો મળી હતી, જ્યારે કોંગ્રેસ ૧૯ બેઠકો પર સમેટાઈ ગઈ હતી. રાજકોટના પ્રથમ મેયર બનવાનું બહુમાન અરવિંદભાઈ મણિયારને ફાળે ગયું હતું, જેમણે પૂરી પાંચ વર્ષની ટર્મ શાસન સંભાળ્યું અને રાજકોટના આધુનિક વિકાસનો પાયો નાખ્યો હતો.

ત્યારબાદ ૧૯૮૧માં બીજી ચૂંટણી યોજાઈ. આ ગાળામાં દુષ્કાળ જેવી વિષમ પરિસ્થિતિઓને કારણે શાસનની મુદ્દત લંબાવવામાં આવી હતી, જેના કારણે આ ટર્મ ૧૯૮૧થી ૧૯૮૭ સુધી ચાલી હતી. આ ચૂંટણીમાં રસાકસી જામી હતી. ૫૧ બેઠકોમાંથી ભાજપને ૨૬ અને કોંગ્રેસને ૨૫ બેઠકો મળી હતી. માત્ર એક બેઠકની પાતળી બહુમતી હોવા છતાં ભાજપે મક્કમતાથી શાસન કર્યું હતું. આ ગાળામાં અરવિંદભાઇ મણિયાર અને વજુભાઇ વાળાએ મેયર પદ સંભાળ્યું હતું. એ સમયે એક બેઠક માટે પક્ષપલટાની રાજનીતિ તેજ બની હતી, પરંતુ સ્વ. ચીમન કાકા ત્રિકોણબાગે નૈતિકતાના મુદ્દે કરેલા ઉપવાસે પક્ષ પલટાના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા.

રાજકોટના રાજકીય ઇતિહાસમાં ૧૯૯૫નું વર્ષ ભાજપ માટે સુવર્ણ અક્ષરે લખાયેલું છે. આ ચૂંટણીમાં ભાજપે એવી તોતીંગ બહુમતી મેળવી કે વિપક્ષનું અસ્તિત્વ જ જોખમાયું હતું. ૨૦ વોર્ડની ૬૦ બેઠકોમાંથી ભાજપને ૫૯ બેઠકો મળી હતી. જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર ૧ બેઠક આવી હતી. જેમાં કોંગ્રેસના એકમાત્ર વિજેતા ઉમેદવાર લાધાભાઇ બોરસદીયા (પટેલ) હતા. જોકે લોકશાહીની પરંપરા જાળવી રાખીને ભાજપે આ એકમાત્ર કોર્પોરેટરને પણ વિપક્ષી નેતાનું પદ, અલાયદી ચેમ્બર અને કાર જેવી તમામ સુવિધાઓ પૂરી પાડી હતી. આ ટર્મમાં રાજકોટને પ્રથમ મહિલા મેયર તરીકે ભાવનાબેન જોષીપુરા મળ્યા હતા. તે સમયે દર વર્ષે મેયર બદલવાની પરંપરા હતી, જેના કારણે વિજયભાઇ રૂપાણી, ઉદયભાઇ કાનગડ, ગોવિંદભાઇ સોલંકી અને મંજુલાબેન પટેલ જેવા નેતાઓને પણ મેયર પદ પર સેવા આપવાની તક મળી હતી.

પચીસ વર્ષના એકહથ્થુ શાસન બાદ વર્ષ ૨૦૦૦માં રાજકોટનું રાજકીય ચિત્ર પલટાયું હતું. રાજ્ય સરકારે મેયરની ટર્મ એક વર્ષને બદલે અઢી વર્ષની કરી હતી. ભાજપ આ નવા નિયમ સાથે સત્તા જાળવી રાખવા તૈયાર હતું, પરંતુ પ્રજાના મનમાં કંઈક બીજું જ ચાલતું હતું. બોર કૌભાંડના આક્ષેપો અને લાંબા સમયના શાસન સામેની એન્ટિ-ઈન્કમ્બન્સીને કારણે જનતાએ કોંગ્રેસને સત્તા સોંપી. જેમાં સ્વ. મનોહરસિંહજી જાડેજાની આગેવાનીમાં કોંગ્રેસે ૨૩ વોર્ડની ૬૯ બેઠકોમાંથી ૪૪ બેઠકો જીતી ઇતિહાસ રચ્યો હતો. આ દરમિયાન અઢી વર્ષના પ્રથમ મેયર બનવાની તક અશોક ડાંગરને મળી હતી. ત્યારબાદ મનસુખભાઇ ચાવડા અને ગૌરીબેન સિંધવ મેયર બન્યા હતા. જોકે, કોંગ્રેસનું આ પાંચ વર્ષનું શાસન અનેક વિવાદો અને ભ્રષ્ટાચારના આક્ષેપોથી ઘેરાયેલું રહ્યું હતું.

કોંગ્રેસના પાંચ વર્ષના શાસનથી નારાજ થયેલી જનતાએ ૨૦૦૫માં ફરી



ભાજપને પ્રચંડ બહુમતી આપી. ભાજપને ૫૯ અને કોંગ્રેસને માત્ર ૧૦ બેઠકો મળી. અહીંથી ભાજપના અઢી-અઢી વર્ષના મેયરની પરંપરા શરૂ થઈ, જેમાં પ્રથમ મેયર ધનસુખભાઇ ભંડેરી અને ત્યારબાદ પ્રથમ અઢી વર્ષ માટે મહિલા મેયર તરીકે સંધ્યાબેન વ્યાસ આવ્યા હતા. ૨૦૧૦ અને ૨૦૧૫ની ચૂંટણીમાં પણ ભાજપનો વિજય રથ ચાલુ રહ્યો. ૨૦૧૫માં ૧૮ વોર્ડની ૭૨ બેઠકો પર ચૂંટણી યોજાતા ભાજપને ૩૮ અને કોંગ્રેસને ૩૪ બેઠકો મળી હતી. આ વખતે કોંગ્રેસે જોરદાર ટક્કર આપી હતી, પરંતુ સત્તાથી દૂર રહી હતી. જેમાં ડો. જૈમન ઉપાધ્યાય અને બીનાબેન આચાર્યએ આ ટર્મમાં મેયર પદ ભોગવ્યું હતું.

આ પછી છેલ્લે યોજાયેલી ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપે ફરી ૬૮ બેઠકો જીતીને કોંગ્રેસને માત્રને માત્ર ૪ બેઠકો પર સીમિત કરી દીધી હતી, જેના કારણે કોંગ્રેસે વિપક્ષી નેતાનું પદ પણ ગુમાવ્યું હતું. જોકે આ ૫૧ વર્ષ દરમિયાન સમયાંતરે રાજકોટ મનપાની હદમાં વધારો કરવામાં આવ્યો હતો. ૧૯૯૭માં રૈયા, મવા અને મવડી જેવા વિસ્તારો ભળ્યા, તો ૨૦૧૫માં કોઠારીયા અને વાવડીનો સમાવેશ થયો. ૨૦૨૦માં ઘંટેશ્વર, માધાપર, મુંજકા, મોટામવા અને મનહરપર જેવા ગામો ભળતા રાજકોટનું કદ વિશાળ બન્યું છે. વિકાસની આ યાત્રામાં સૌથી વધુ સમય મેયર તરીકે સેવા આપવાનો રેકોર્ડ અરવિંદભાઇ મણિયારના નામે છે, જ્યારે વજુભાઇ વાળા બીજા ક્રમે રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે આગામી ૨૬ એપ્રિલનાં યોજાનાર મતદાનમાં ભાજપ પોતાના ૪૬ વર્ષના ગઢને સુરક્ષિત રાખવા એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. ભાજપના ગણિત મુજબ જો તેઓ ફરી સત્તા પર આવશે તો નવા મેયર અને પદાધિકારીઓ કોણ હશે તેની અટકળો પણ અત્યારથી તેજ બની છે. બીજી તરફ, વર્ષોથી વનવાસ ભોગવી રહેલી કોંગ્રેસ નવી આશા સાથે મેદાનમાં છે. તો ત્રીજો પક્ષ એટલે કે આમ આદમી પાર્ટી પણ મેદાનમાં છે. ત્યારે શું રાજકોટની જનતા ફરી એકવાર ભાજપના શાસન પર મહોર મારશે કે પછી ૨૦૦૦ની સાલની જેમ કોંગ્રેસને સતા સોંપશે કે ત્રીજો પક્ષ ફાવશે તેનો જવાબ આગામી દિવસોમાં મતપેટીમાંથી બહાર આવશે. હાલમાં આકરા તાપ વચ્ચે રાજકીય ગરમાવો ચરમસીમાએ છે.